સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક




વર્ષ : ૪૭ અંક : ૧૧૬ જૂનાગઢ તા.૩-૫-૨૦૨૩ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 116, Junagadh : Date : 3 May, 2023, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

### પુલવામા જેવા ત્રાસવાદી હુમલાની ગુપ્તચર ચેતવણીને પગલે

# જમ્મુ - કાશ્મીરમાં રેડ એલર્ટ : સૈન્યની હેરાફેરી પર રોક

નવી દિલ્હી તા.૩ :

જમ્મુ - કાશ્મીરમાં આતંકવાદીઓ ફરી ઘુસણખોરી તથા મોટા હુમલાની ફિરાકમાં હોવાના ગુપ્તચર રીપોર્ટને પગલે જમ્મુથી પઠાણકોટ સુધી રેડએલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. સુરક્ષાદળો-એજન્સીઓને ખાસ સુચના આપવામાં આવી છે અને કઠુઆની સૈન્ય સ્કુલમાં આજે રજા જાહેરકરી દેવામાં આવીછે. સુત્રોના જણાવ્યા પ્રમાણે હીરાનગર સેકટર સામે પાક ગુપ્તચર એજન્સી આઈએસઆઈ વધુ એક વખત ભારતીય સીમામાં હુમલો કરવાનું ષડયંત્ર રચી રહ્યાની બાતમી ગુપ્તચર વિભાગને મળી છે.

આતંકી લોન્ચપેડ શકરગઢમાં શંકાસ્પદ હિલચાલ જોવા મળ્યાને પગલે સુરક્ષા એજન્સીઓને હાઈ એલર્ટનાં આદેશ કરવામાં આવ્યા છે. સૈન્ય સ્કુલને સુરક્ષા કારણોસર નવા આદેશ સુધી બંધ રાખવાનો હુકમ કરાયો છે આ સિવાય મહત્વપૂર્ણ ઈમારતોમાં પણ સુરક્ષા વધારવામાંઆવી છે.આંતરરાષ્ટ્રીય સરહદે પહેરો વધુ મજબુત કરવા સાથે નાકાબંધી કરવામાં આવી છે.

ગુપ્તચર રીપોર્ટ પ્રમાણે સૈન્યદળોની મુવમેન્ટ પર પણ એક દિવસ માટે રોક લગાવી દેવામાં આવી છે. ગુપ્તચર વિભાગને એવી આશંકા છે કે આતંક્વાદીઓ કોઈ સૈન્ય સંસ્થા અથવા તેની આસપાસનાં વિસ્તારોને નિશાન બનાવી શકે છે. સીમાપારથી ત્રાસવાદીઓને ઘુસાડવા સિવાય અગાઉથી કાશ્મીરમાં મૌજુદ આતંકવાદીઓ અથવા ગ્રાઉન્ડ વર્કરોની મદદથી હુમલો કરાવવાનું કાવતરૂ હોઈ શકે છે સાંજ પડતાની સાથે જ તમામે તમામ સૈન્ય ક્ષેત્રો-છાવણીઓની સુરક્ષામાં અનેકગણો વધારો કરી દેવામાં આવ્યો છે. સૈન્યની સાથોસાથ પોલીસ તથાઅર્ધ લશ્કરી દળોને પણ હાઈએલર્ટ પર મુકવામાં આવ્યા છે.

## ધો.૧૨માં નાપાસ થતાં વિદ્યાર્થીનીએ નદીમાં ઝંપલાવી આપઘાત કર્યો

અમદાવાદ તા. ૩

ગઈકાલે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સાયન્સનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જાહેર થયેલા પરિણામમાં ક્યાંક ખુશી, તો ક્યાંક ગમનો માહોલ જોવા મળ્યો હતો. એવામાં પરીક્ષામાં નાપાસ થતાં એક વિદ્યાર્થિનીએ આપઘાત કર્યો હોવાનો બનાવ વલસાડ જિલ્લામાંથી સામે આવ્યો છે.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, ધોરણ ૧૨માં અભ્યાસ કરતી નેહા પટેલ નામની વિદ્યાર્થિનીએ પારડીમાંથી પસાર થતી પાર નદીમાં મોતની છલાંગ લગાવી હતી. આ ઘટનાના પગલે ત્યાંથી પસાર થઈ રહેલા વાહન ચાલકોના નદી કિનારે ટોળા ઉમટ્યા હતા. આ બાબતની જાણ થતાં પોલીસની ટીમ તેમજ ચંદ્રપુર લાઈફ સેવર ટ્રસ્ટના સભ્યો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને નેહાના મૃતદેહને નદીમાંથી બહાર કાઢ્યો હતો.

## એનસીપીમાં શરદ પવારનાં અનુગામી કોણ બનશે ? મુંબઈમાં બેઠકનો પ્રારંભ

મુંબઈ તા. ૩ : ગઈકાલે એનસપીનાં સુપ્રિમો શરદ પવારે પક્ષનાં અધ્યક્ષપદેથી રાજીનામુ આપીને રાજકીય તખ્તા પરહલચલ મચાવી દીધી હતી. બીજી તરફ એનસીપીમાં શરદ પવારનાં અનુગામી કોણ બનશે તે અંગેની કવાયત શરૂ થઈ ગઈ છે. આ લખાય રહયું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ મુંબઈનાં વાય.બી. ચ્વાણ સેન્ટર ખાતે એનસીપીની બેઠક શરૂ થઈ ગઈ છે. જેમાં શરદ પવાર, સુપ્રિયા સુલે, પ્રફુલપટેલ, પી.સી. ચાકો, અજીત પવાર સહિતનાં નેતાઓ ઉપસ્થિત છે અને પવાર બાદ એનસીપીનાં પ્રમુખ પદનો તાજ કોને આપવામાં આવશે તે અંગે મનોમંથન થઈ રહયું છે.

## ફટકાર બાદ બિલ્કીસ બાનો કેસમાં ગુજરાત સરકાર સુપ્રિમ કોર્ટને ફાઈલ સોંપવા સહમત

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૩

ગુજરાતના ૨૦૦૨ના કોમી રમખાણોમાં ચર્ચાસ્પદ બનેલા બિલ્કીસ બાનો ગેંગરેપ તથા ૭ લોકોની હત્યાના ૧૧ દોષિતોને આજીવન કારાવાસની સજા છતાં ૧૪ વર્ષ પછી મુકત કરવાના ગુજરાત સરકારના નિર્ણય તથા અમલ અંગેના દસ્તાવેજો અને ફાઈલો સુપ્રીમ કોર્ટમાં રજૂ કરવા આખરે રાજય સરકારે સંમતી દર્શાવી છે. અગાઉ તા.૧૮ એપ્રિલના સુનાવણી સમયે ગુજરાત સરકારે સર્વોચ્ચ અદાલતમાં એ દલીલો કરી રાજય સરકારના નિર્ણય સંબંધી મુળ દસ્તાવેજો તથા ફાઈલના નોટીંગ રજુ કરવા કે નહી તે નકકી કરવાનો રાજય સરકારનો વિશેષાધિકાર છે અને સુપ્રીમ કોર્ટને પણ તેના નિર્ણયમાં પુનઃ વિચારણા કરવા માંગણી કરી હતી.

જો કે બીજી જ ક્ષણે રાજય સરકારે સુપ્રીમ કોર્ટનાં આદેશ પર રીવ્યુની માંગણી પાછી ખેંચી લીધી હતી પરંતુ આ મુદે દોષિતોને નોટીસ આપી શકાઈ નહી તેના પર સુનાવણી મુલત્વી રહી હતી. બીજી તરફ જે ૧૧ દોષિતોને જેલમુક્ત કરાયા હતા તેમના વતી રજુ થયેલા ધારાશાસ્ત્રીએ સુનાવણીમાં કોઈ ઉતાવળ નહી હોવાનું અને સુપ્રીમ કોર્ટના ઉનાળું વેકેશન પછી પણ સુનાવણી કરી શકાય છે તેવું જણાવતા બિલ્કીસ બાનોના વકીલે તેનો વિરોધ કર્યો હતો.

## આંતરરાષ્ટ્રીય બજારમાં ખનીજ તેલનાં ભાવમાં પાંચ ટકાનો ઘટાડો : પેટ્રોલ - ડીઝલ સસ્તુ થવાના સંજોગો

(દિલ્હી બ્યુરો)

નવી દિલ્હી, તા.૩: આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ તૂટયા છે. છેલ્લા ૨૪ કલાકમાં કાચા તેલની કિંમતમાં પાંચ ટકાથી વધુનો ઘટાડો થયો છે. તે જ સમયે, ૨૪ એપ્રિલથી કાચા તેલની કિંમતમાં ૯ ટકાથી વધુનો ઘટાડો થયો છે. આવી સ્થિતિમાં ફરી આશા જાગી છે કે ભારતમાં પેટ્રોલ - ડીઝલ સસ્તું થઈ શકે છે.

નિષ્ણાંતો એવું પણ માને છે કે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલ જે સ્તરે છે તેની સરખામણીએ સ્થાનિક સ્તરે ઈંધણની કિંમતમાં ઘટાડો થવો જોઈએ.

ગલ્ફ દેશોનું ક્રૂડ ઓઈલ ઘણું સસ્તું થઈ ગયું છે. ગલ્ફ દેશોમાંથી સપ્લાય થનારું બ્રેન્ટ ક્રૂડ ૨૪ કલાકમાં ૫ ટકાથી વધુ તૂટયું છે. ૩ મેના રોજ બ્રેન ક્રૂડની કિંમત ૭૫.૩૧ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગઈ છે.

૨ મેના રોજ બ્રેન્ટ ક્રૂડ ઓઈલની કિંમત બેરલ દીઠ ૮૦ હતી. છેલ્લા ૬ ટ્રેડિંગ દિવસોમાં બ્રેન્ટ ક્રૂડ ઓઈલની કિંમતમાં ૯ ટકાથી વધુનો ઘટાડો થયો છે.

## મુખ્યમંત્રીનાં પુત્ર અનુજ પટેલની તબિયત સ્થિર : બીજી સર્જરી કરાઈ

મુંબઈ તા. ૩

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના પુત્ર અનુજ પટેલ ઉપર મુંબઈની હિન્દુજા હોસ્પિટલમાં ન્યુરોસર્જનોની ટીમે બીજું સફળતાપૂર્વક ઓપરેશન હાથ ધર્યું છે. છેલ્લા અહેવાલો મુજબ તેમની તબિયતમાં સુધારો થતો જાય છે. જોકે બ્રેઈન સ્ટ્રોક આવ્યો હોય તેઓ ભાનમાં આવે ત્યારે જ સાચી ખબર પડે કે રિકવરી કેટલી થઈ છે. હાલ તેમની સ્થિતિ સ્ટેબલ ગણાવાઈ રહી છે. અને હિન્દુજા હોસ્પિટલમાં દેશના નામાંકિત ન્યુરો સર્જનોની ટીમ સતત ઓબ્ઝર્વેશન રાખી રહ્યા છે

## ગુજરાત સરકારે ચૂપચાપ પાછલા દરવાજેથી વીજ બીલમાં વધારો ઝીંકી દીધો

ગાંધીનગર તા. ૩

ગુજરાત સરકાર એક તરફ એવુ કહે છે કે ગુજરાતમાં વીજળીના ભાવમાં વધારો થઈ નથી રહ્યો. પરંતુ સરકારનો આ દાવો સાવ પોકળ સાબિત થઈ રહ્યો છે. સરકાર હકીકતમાં બંધબારણે ગૂપચૂપ રીતે વીજ દરોમાં ભાવ વધારો કરી રહી છે. એફપીપીએ એટલે કે ફ્યુઅલ સરચાર્જના નામે ફરી ભાવવધારો કરવામા આવ્યો છે. ગુજરાતમાં મહિને ૨૦૦ યુનિટ વાપરતા રહેણાંકના ગ્રાહકો પાસેથી ઉત્તરોઉત્તર વધુ નાણાં વસૂલવામાં આવી રહ્યાં છે. નિષ્ણાતો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાતમાં ગરીબ ગ્રાહકોને પણ સરકાર લૂંટી રહી છે. તેમની પાસેથી વધુ ચાર્જ વસૂલવામાં આવી રહ્યો છે. મધ્યમ અને નાના પરિવારો પાસેથી દર મહિને ૧૩૮ રૂપિયા વધુ વસૂલવામાં આવી રહ્યાં છે.

વર્ષ ૨૦૨૩ ના એપ્રિલ મહિનાની વાત કરીએ તો, ફિક્સ ચાર્જ અને એનર્જિ ચાર્જ યથાવત છે, પરંતુ ફ્યુઅલ ચાર્જ યુનિટ દીઠ રૂપિયા ૩.૧૦ને કારણે ૧૨૦ રૂપિયા વધી ગયા છે. આમ, એક જ વર્ષમાં એક મહિનામાં ૨૦૦ યુનિટ વાપરનારાઓને સીધો ૧૩૮ રૂપિયાનો વધારો સહન કરવો પડે છે. એપ્રિલ ૨૦૨૨ માં ૧૫ ટકા ઈલેક્ટ્રિસિટી ડ્યુટી તરીકે જે ૧૩૭ રૂપિયા ચૂકવવા પડતા હતા, તે એક વર્ષના ગાળા બાદ એપ્રિલ, ૨૦૨૩ માં ૨૧૫ થઈ ગયા છે.

એક તરફ ગુજરાત સરકાર વીજળી વધવાના બણગા ફૂંકે છે, પંરતુ બીજી તરફ બંધ દરવાજે વીજળીના ભાવ વધારી રહી છે અને ગ્રાહકોને ખબર પણ પડતી નથી. ગ્રાહકો જ્યારે પોતાનું લાંબુલચક બિલ આવે છે ત્યારે ચોંકી જાય છે. આમ, રહેણાંકના ગ્રાહકો પાસેથી સરકાર વધુ રૂપિયા વસૂલી રહી છે. મોંઘવારીના માર વચ્ચે ગ્રાહકો આ ભાવવધારો સહન કરી શકે તેમ નથી.

### કેરળ સ્ટોરી ફિલ્મનાં સ્કિનીંગ દરમ્યાન ભારે ધમાલ

નવી દિલ્હી તા. ૩

ભારે વિવાદમાં ફસાયેલી "કેરળ સ્ટોરી" ફિલ્મનું સ્ક્રીનિંગ જેએનયુ (જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી)માં કરવામાં આવ્યું તે દરમિયાન, ભારે હંગામો થયો હતો.SFI (સ્ટુડન્ટ ફેડરેશન ઓફ ઈન્ડિયા)એ આરએસએસનું પૂતળું સળગાવ્યું હતું. ડિરેક્ટરે કહ્યું- સત્યની જીત થશે.. કેરળ સરકારે કહ્યું કે આ ફિલ્મની વાતોમાં કોઈ જ તથ્ય નથી અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને ભાજપનો પ્રોપેગેન્ડા છે. સુદિપ્તો સેનની આ ફિલ્મમાં કેરળમાંથી ૩૨૦૦૦ યુવતીઓ લાપતા થવાની અને ઈસ્લામિક સ્ટેટ આતંકી સંગઠને તેનો આતંકવાદમાં ઉપયોગ કર્યા અંગેની સ્ટોરી છે

## ખરાબ હવામાનને કારણે ચારધામ યાત્રામાં ભારે અવરોધ હજારો શ્રધ્ધાળુઓને રોકી દેવાયા : ૧૦નાં મોત

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી,તા. ૩

ગંગોત્રી-યમુનોત્રીના દ્વાર ૨૨ એપ્રિલે ખોલવાની સાથે ચારધામ યાત્રા શરૂ થઈ હતી. આ પછી ૨૫ એપ્રિલે કેદારનાથ ધામ અને ૨૭મી એપ્રિલે બદ્રીનાથ ધામના દરવાજા ખોલવાની સાથે જ ઉત્તરાખંડના ચારેય ધામોની યાત્રાનો વિધિવત પ્રારંભ થયો હતો. ખરાબ હવામાનના કારણે ચારધામયાત્રાને લઈને વહીવટીતંત્રની તમામ વ્યવસ્થાઓ ઠપ્પ થઈ હતી. યાત્રીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને વહીવટીતંત્રે, કેદારનાથ અને અન્ય ધામોમાં હિમવર્ષા અને ભારે વરસાદને કારણે શ્રદ્ધાળુઓને અલગ-અલગ સ્થળોએ રોકી દીધા હતા. જયારે વહીવટીતંત્રે કેદારનાથ ધામ જતા લગભગ ૧૦ હજાર શ્રદ્ધાળુઓને સુરક્ષિત સ્થાનો પર રોકી દીધા હતા.. પ્રતિકૂળ હવામાનના કારણે અત્યાર સુધીમાં ૧૦ યાત્રાળુઓએ નાદુરસ્ત તબિયતના કારણે જીવ ગુમાવ્યા છે.

યાત્રાળુઓને સોનપ્રયાગથી ઉપર જવાની મંજૂરી નથી. રુદ્રપ્રયાગ જિલ્લા મેજિસ્ટ્રેટ મયુર દીક્ષિતે જણાવ્યું કે, કેદારનાથ ધામમાં ભારે હિમવર્ષાના કારણે તીર્થયાત્રીઓને કેદારનાથ જતા અટકાવવામાં આવ્યા છે. કેદારનાથ જતા તિલવાડાથી ફાટા સુધી લગભગ ત્રણ હજાર, સીતાપુરથી સોનપ્રયાગ સુધી ૬ હજાર અને ગૌરીકુંડમાં લગભગ એક હજાર શ્રદ્ધાળુઓને રોકી દેવામાં આવ્યા છે. સોમવારે લગભગ ૬ હજાર શ્રદ્ધાળુઓને કેદારનાથ મોકલવામાં આવ્યા હતા. હવામાન ખરાબ થતાં શ્રદ્ધાળુઓને કેદારનાથ ધામ જવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. હવામાન સારુ થયા બાદ જ યાત્રાળુઓને કેદારનાથ ધામ મોકલવામાં આવશે.

## કર્ણાટકમાં ચૂંટણીપંચનો સપાટો : રૂા.૩૦૦ કરોડથી વધુની રોકડ-દારૂ સહિતની વસ્તુઓ જપ્ત કરી

નવી દિલ્હી, તા.૩: ચુંટણી પંચે કહ્યું કે તેણે ૨૯ માર્ચે આચારસંહિતા લાગી ત્યારથી અત્યાર સુધીમાં રૂપિયા ૩૦૫ કરોડની રોકડ અને અન્ય વસ્તુઓ જપ્ત કરી છે.

૨૦૧૮ની ચુંટણી દરમ્યાન કુલ ૮૩ કરોડ ઝડપાયા હોવાનું ચુંટણી પંચે કહ્યું હતું. આ વર્ષે ચુંટણી દરમ્યાન ૧૧૦ કરોડની રોકડ, ૭૪ કરોડ રૂપિયાનો દારૂ, ૮૧ કરોડના સોના ચાંદી, અન્ય વસ્તુઓ (૨૨ કરોડ) અને ૧૮ કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડાયું છે. ચૂંટણીપંચે વધુમાં કહ્યું કે આ બાબતે ૨૩૪૬ એફઆઈઆર નોંધાયેલ છે. ૩૦૫ કરોડ રૂપિયાની આ જપ્તી પછી મુખ્ય ચુંટણી અધિકારી રાજીવ કુમાર સ્થાનિક જવાબદારીઓની જવાબદારી નક્કી કરવા કહ્યું છે. ચુંટણીની વ્યવસ્થા અને રાજયમાં કાયદો અને વ્યવસ્થાની વીડીયો કોન્ફરન્સીંગ દ્વારા સમિક્ષા કરતા રાજીવ કુમારે અધિકારીઓને કાયદાનું ઉલ્લંઘન કરનારાઓ સાથે પગલા લેવા માટે તૈયાર રહેવા કહ્યું હતું.

## કેદારનાથ- બદ્રીનાથ ધામમાં ભકતો સાથે પણ ઠગાઈ

નવી દિલ્હી, તા. ૩ : ડિજિટલ કૌભાંડ સતત વધી રહ્યું છે. કૌભાંડીઓ હવે ચારધામના યાત્રાળુઓને નિશાન બનાવી રહ્યા છે. કેદારનાથ અને બદ્રીનાથ ધામના દરવાજા ગયા મહિને જ ખોલવામાં આવ્યા છે. કપાટ ખુલ્યા બાદ હવે લાખો લોકો ચારધામ યાત્રા માટે નીકળે છે અને તેનો લાભ હવે ઠગો પણ લઈ રહ્યા છે.

કૌભાંડીઓએ કેદારનાથ અને બદ્રીનાથ ધામની બહાર કેટલાક QR કોડ લગાવ્યા છે, જેના દ્વારા તેઓ દાનના નામે ભક્તો પાસેથી પૈસા લૂંટી રહ્યા છે. શક્ય છે કે ઘણા લોકોએ આ QR કોડ્સ દ્વારા મંદિરના નામ પર પોતાનો સહકાર પણ આપ્યો હોય. આશ્ચર્યની વાત એ છે કે મંદિર સમિતિ પાસે આ અંગે કોઈ માહિતી નથી. આ અંગે મંદિર સમિતિના અધ્યક્ષ અજેન્દ્ર અજયે જણાવ્યું હતું કે આ QR કોડ મંદિર સમિતિ દ્વારા લગાવવામાં આવ્યા નથી. તેમણે કહ્યું કે આ કોડ ફ્રોડ કરનારાઓએ મંદિર ખોલવાના દિવસે અહીં લગાવ્યા હતા, જેને બાદમાં હટાવી દેવામાં આવ્યા હતા. મંદિર સમિતિએ પણ આ મામલે FIR નોંધી છે અને તપાસ ચાલુ છે.


લોહી તથા બોનમેરોને લગતા તમામ પ્રકારના રોગના નિષ્ણાંત આપના શહેરમાં

ડૉ. નિસર્ગ ઠક્કર

સ્થળ અને સમય

તારીખ ૦૫ મે ૨૦૨૩, શુક્રવાર
દર મહિના ના પહેલા શુક્રવારે
તપાસ ફી ₹600/-
એપોઈન્ટમેન્ટ માટે :
99797 93959 / 95120 13843

WOCKHARDT HOSPITALS | LIFE WINS



MODI SCHOOL
Rajkot (City+Ishwariya), Jamnagar
70690 05242 70697 80808
JEE (Main + Advanced) | NEET | BOARDS (CBSE + GSEB) | FOUNDATION
JEE Mains ના પરીણામ ઉપરાંત... ધો. 12 સાયન્સમાં પણ મોદી સ્કૂલની સર્વોપરીતા...
12th Sci. - 2023 : BOARD 1 99.99 PR ➩ 6 - 6 વિદ્યાર્થીઓ

TRIPLE ACHIEVEMENT
BOARD 99.99 Sci. PR
99.99 Th. PR
Frinad Kandoria
99.99 All PR A-Group

DOUBLE ACHIEVEMENT
BOARD 99.99 Th. PR B-Group
Badal Tanna
99.99 All PR


DOUBLE ACHIEVEMENT
GUJCET 99.99 PR 118.75/120 B-Group
Charmy Somaiya
99.99 All PR

GUJCET 99.99 PR 118.75/120 A-Group
પરમ સવજાણી

GUJCET 99.99 PR 118.75/120 CBSE B-Group
Crezal Dholaria

GUJCET 99.99 PR 118.75/120 B-Group
દેવ કોટડીયા

BOARD TOP TEN ➩ 18 વિદ્યાર્થીઓ
Start Early from Primary with Modi School to Build Strong Foundation for Bright Career...









તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...




ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ
ડૉ. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન
ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪



આજે તા.૩ મે, ૨૦૨૩ના રોજ મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે

# ગુજરાત પંચાયત સેવા પંસદગી મંડળ દ્વારા ૧૭૬૦ મલ્ટીપર્પઝ હેલ્થ વર્કર તરીકે પસંદગી પામેલા ઉમેદવારોને નિમણૂંક પત્ર એનાયત

(પ્રતિનિધિ દ્વારા)
ગાંધીનગર તા.૩

ગુજરાત પંચાયત સેવા પંસદગી મંડળ દ્વારા ૧૭૬૦ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર તરીકે પસંદગી પામેલા ઉમેદવારોને નિમણૂંકપત્ર એનાયત સમારોહ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજાઈ રહેલ છે. આ નિમણૂંક પત્ર એનાયત સમારંભમાં રાજ્યના નાણા અને ઉર્જા મંત્રી કનુભાઇ દેસાઇ, આરોગ્ય મંત્રી ઋષિકેશભાઇ પટેલ અને પંચાયત રાજ્ય મંત્રી બચુભાઇ ખાબડઉપસ્થિત રહેશે. ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા સીધી ભરતી માટેની તા.૧૧-૫-૨૦૨૨ના રોજ સ્પર્ધાત્મકપરીક્ષા માટે જાહેરાત બહાર પાડવામા આવી હતી. જેમાં કુલ ૪૬,૧૮૦ જેટલા ઉમેદવારોએ ઓનલાઈન અરજી કરી હતી. અરજી કરનાર ૪૬,૧૮૦ ઉમેદવારો પૈકી ૪૦,૯૬૦ કરતા વધુ ઉમેદવારોએ રાજ્યભરના ૧૫૧ પરીક્ષા કેન્દ્રો ઉપર તા.૨૬-૬-૨૦૨૨ના રોજ સ્પર્ધાત્મક પરીક્ષા આપી હતી. પરીક્ષા પૂર્ણ થયાના ફકત ત્રણ કલાકમાં જ ઉમેદવારોની ઉત્તરવહી(ઓએમઆર શીટ)ને સ્કેન કરી ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળની વેબસાઈટ ઉપર પ્રસિદ્ધ કરી ૨૪ કલાકમાં ઉમેદવાર માટે પ્રોવીઝનલ આન્સર કી પ્રસિધ્ધ કર્યા બાદ પસંદગી પામેલ બિન અનામત વર્ગના ૨૬ ઉમેદવારો, અનુસૂચિત જાતિ વર્ગના ૩૩૭ ઉમેદવારો, અનુસૂચિત જનજાતિ વર્ગના ૨૪૫ ઉમેદવારો, સામાજીક અને શૈક્ષણિક વર્ગના ૮૮૪ ઉમેદવારો, આર્થિક રીતે નબળા વર્ગના ૨૬૮ ઉમેદવારો સહિત કુલ ૧૭૬૦ ઉમેદવારો તા. ૧૩/૦૩/૨૦૨૩ના રોજ ફાઈનલ મેરીટ યાદી બહાર પાડી પારદર્શક રીતે સમગ્ર પરીક્ષાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી. ભરતી પ્રક્રિયામા દિવ્યાંગ ઉમેદવારો માટે ચાર ટકા અનામતની જોગવાઈ કરવામાં આવી છે. તમામ ઉમેદવારોને તેમના મેરીટ કમ પ્રેફરન્સ આધારે પારદર્શક રીતે જિલ્લા પંચાયતોનો ફાળવણી કરવામાં આવી.

આ પૈકી ૧૭૬૦ ઉમેદવારોના ભલામણ પત્રો ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા જિલ્લાઓને આપવામાં આવ્યા જે પૈકી ૧૫૯૭ ઉમેદવારો કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે એમ ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળની યાદીમાં જણાવાયું છે.

# બેક ટુ ધ નેચર : રાજકોટ જિલ્લાના મોટી ખીલોરી ગામમાં ખેડૂતોને અપાઈ પ્રાકૃતિક ખેતીની તાલીમ

## ૭૫ જેટલા ખેડૂતોએ જાણ્યા સજીવ ખેતીથી થતાં મબલખ ફાયદા



(પ્રતિનિધિ દ્વારા)
રાજકોટ તા.૩

“બેક ટુ ધ નેચર - કુદરત તરફ પાછા વળો” એવી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અપીલ અને પ્રાકૃતિક-સજીવ ખેતી માટે તેમણે કરેલા આહ્વાનને પગલે ૧લી મેના રોજ, ગુજરાત સ્થાપના દિવસે વિવિધ ગામોમાં ખેડૂતો માટે પ્રાકૃતિક ખેતીની તાલીમ શિબિરો યોજવામાં આવી હતી. રાજકોટ જિલ્લા કૃષિ વિભાગ દ્વારા ગોંડલ તાલુકાના મોટી ખીલોરી ગામે આવી શિબિર યોજાઈ હતી, જેમાં ૭૫ જેટલા ખેડૂતો પ્રાકૃતિક-સજીવ ખેતીના મબલખ ફાયદાથી માહિતગાર થયા હતા. આ અંગે વિગતો આપતા નાયબ બાગાયત નિયામક આર.કે. બોઘરાએ જણાવ્યું હતું કે, મોટી ખીલોરી ગામે પંચાયત હોલમાં ગ્રામજનો માટે પ્રાકૃતિક ખેતી અંગે વિસ્તૃત તાલિમનું આયોજન કરવામાં આવ્યું હતું. આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ગામદીઠ ૭૫ પ્રાકૃતિક ખેડૂત તૈયાર કરવાના પ્રયાસોના ભાગરૂપે આ શિબિર યોજાઈ હતી. જેમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદનમાં થતી વૃદ્ધિ, જમીનને થતા ફાયદા, ખર્ચમાં નાણાંનો બચાવ, પ્રાકૃતિક ખેતીની સરળતા તેમજ પ્રકૃતિને થતા ફાયદાઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા. પ્રાકૃતિક-સજીવ ખેતી માટે જીવામૃત બનાવવા, કુદરતી ખાતર બનાવવા સહિતની સરળ પ્રક્રિયાઓ અંગે પણ ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ખેડૂતોને મુંઝવતા સવાલોનું સમાધાન પણ તજજ્ઞો દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રાકૃતિક ખેતીના ફાયદા જાણીને ખેડૂતોએ તેને અપનાવવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. આ તકે મદદનીશ ખેતી નિયામક નિલેશભાઈ રામોલિયા, બાગાયત અધિકારી અજયભાઈ તથા ગોંડલ તાલુકા વિસ્તરણ અધિકારી હાજર રહ્યા હતા.

# માળીયાના ખેરા ગામે પ્રાકૃતિક કૃષિ તાલીમ અપાઈ



(નિલેશ રાજપરા દ્વારા)
માંગરોળ તા.૩

તારીખ ૨-૫-૨૦૨૩ના દિવસે રાજયપાલ આચાર્ય દેવવ્રતના માર્ગદર્શન દ્વારા માળીયા તાલુકાના ખેરા ગામના સરપંચ કરસનભાઈ વજશીભાઈ વાચણ, ભરતભાઈ રામજીભાઈ ચુડાસમા તથા ૨૫ જેટલા ધરતી પુત્રોને પે સેન્ટર શાળામાં પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવામાં આવી હતી. ગ્રામ પંચાયત દિઠ ૭૫ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થાય તે માટે માળીયા તાલુકાના ખેરા ગામના ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરતા થાઈ તે માટે તાલીમ આપવામાં આવી હતી. તેમજ ગ્રામ સેવક નિખીલભાઈ પરમાર દ્વારા આઈ-ખેડૂત યોજનાકીય માર્ગદર્શન આપેલ હતું. મોહનભાઈ પંડિત દ્વારા બીજામૃત જીવામૃત ઘનજીવામૃત આછાદાન વાપ્સા મિશ્રપાકની માહિતી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# દ્વારકા નજીક કુરંગા ગામે પ્રેમ સંબંધ ધરાવતા યુવક-યુવતીએ સજોડે ઝેર પીધું

(કુંજન રાડિયા દ્વારા)
જામ ખંભાળિયા તા.૩

ખંભાળિયાના શક્તિનગર વિસ્તારના રહીશ અને હાલ કલ્યાણપુર તાલુકાના દુધિયા ગામે રહેતા વિજયભાઈ રામાભાઈ વાઘેલા નામના ૨૧ વર્ષના દેવીપુજક યુવાન તથા કલ્યાણપુર તાલુકાના રાવલ ગામે રહેતા શારદાબેન મેરૂભાઈ ડાયાભાઈ ચૌહાણ ૩૦ નામના પરિણીત મહિલાઓ વચ્ચે પ્રેમ સંબંધ હોય, જેથી આ બંને યુવાન-યુવતી થોડા દિવસ પૂર્વે ભાગી ગયા હતા. આ બંને ફોઈ-ભત્રીજો થતા હોય, તેથી તેઓના લગ્ન થઈ શકે તેમ ના હોવાથી સમાજમાં નીચું જોવાનું થશે તેમ તેવી પરિસ્થિતિ હોવાથી વિજયભાઈ તથા શારદાબેને દ્વારકાથી આશરે ૩૨ કિલોમીટર દૂર કુરંગા ગામે આવેલા એક મંદિર પાસે ઝેરી દવા પી લેતા બંનેના મૃત્યુ નીપજ્યા હતા. આ અંગેની જાણ ખંભાળિયાના શક્તિનગર વિસ્તારમાં રહેતા કનુભાઈ રામાભાઈ વાઘેલા(ઉ.વ.૨૪) એ દ્વારકા પોલીસને કરી છે. જે સંદર્ભે પોલીસે જરૂરી નોંધ કરી, આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# કેશોદ વી.એસ. સ્કુલનો વિધાર્થી ધોરણ બાર સાયન્સમાં કેશોદ કેન્દ્રમાં પ્રથમ આવતા ખુશી વ્યાપી

(પ્રતિનિધિ દ્વારા)
કેશોદ તા.૩

રાજ્ય શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ બાર સાયન્સનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. ત્યારે કેશોદ કેન્દ્રમાં પ્રથમ નંબરે વી.એસ.સ્કુલનો વિદ્યાર્થી મિતેષ ગોવિંદભાઈ થધાણી આવતાં પરિવારમાં ખુશી વ્યાપી ગઈ હતી.

કેશોદના ગાંધીનગર સોસાયટીમાં રહેતાં ગોવિંદભાઈ થધાણી અગરબત્તીનો વ્યવસાય કરે છે. ત્યારે સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારનો પુત્ર શૈક્ષણિક ક્ષેત્રે સફળ થતાં ગૌરવ અનુભવ્યું હતું.

કેશોદ કેન્દ્રમાં ધોરણ બાર સાયન્સમાં પ્રથમ આવનાર મિતેષ ગોવિંદભાઈ થધાણીએ માત્રને માત્ર વી.એસ. સ્કૂલનાં શિક્ષકોનાં માર્ગદર્શન હેઠળ તૈયારી કરી પરિણામ મેળવેલ છે. તેમણે કોઈપણ પ્રકારના ટ્યુશન કે કલાસીસનો સહારો લીધો ન હતો.

કેશોદ કેન્દ્રમાં ધોરણ બાર સાયન્સમાં પ્રથમ ક્રમે ૯૯.૫૪ પીઆર મેળવી સફળતા મેળવનાર મિતેષ ગોવિંદભાઈ થધાણીએ સંપૂર્ણ શ્રેય પોતાની શાળા વી.એસ. સ્કૂલનાં શિક્ષકો અને સંચાલકોને આપ્યો હતો.

રાજકોટમાં મહિલાઓ માટે યોગ ટ્રેનર બનવાની ઉત્તમ તક

# ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા નિઃશુલ્ક યોગ તાલીમનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)
રાજકોટ તા.૩

રાજકોટની મહિલાઓને યોગ ટ્રેનર બનવાની ઉત્તમ તક ઉપલબ્ધ થઈ છે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા રાજકોટ મહાનગરપાલિકા યોગ કો-ઓર્ડીનેટર વંદનાબેન રાજાણીના માર્ગદર્શન હેઠળ મહિલાઓ માટે ૧૦૦ કલાકની બે યોગ તાલીમનું આયોજન કરાયું છે. ગુજરાત રાજ્ય યોગબોર્ડ દ્વારા યોગ ટ્રેનર મહિલાઓ માટે તા. ૦૪ મેથી ૧૯-એ, મધુવન, શારદાનગર, સિંહાર સ્કૂલ પાસે, પંચાયતનગર, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે યોગની તાલીમ યોજાશે. તાલીમ લેવા ઈચ્છુક મહિલાઓએ યોગ કોચ રૂપલબેન છગના મો.નં. ૮૪૬૦૦ ૧૦૧૬૦ ઉપર નોંધણી કરાવવાની રહેશે. તેમજ તા.૧૦મેથી ગોપાલનગર-૯, ડો. રાજાણી કલીનીક નજીક, ઠેબર રોડ, રાજકોટ ખાતે તાલીમ યોજાશે. તાલીમ લેવા ઈચ્છુક મહિલાઓ નોંધણી માટે યોગકોચ મીતાબેન તેરૈયાનો મો.નં. ૯૧૦૬૩ ૨૨૭૨૩ ઉપર સંપર્ક કરી શકશે, તેમ ગુજરાત રાજ્ય યોગબોર્ડની યાદીમાં જણાવાયું છે.

રાજ્ય સરકાર દ્વારા વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે અનુસૂચિત જાતિની શૈક્ષણિક, આર્થિક અને સામાજિક અભિવૃદ્ધિ અર્થે અનેકવિધ યોજનાઓ અમલી

# વિદેશમાં ઉચ્ચ અભ્યાસનું અપૂર્ણસ્વપ્ન ૧૫ લાખની લોન સહાયથી પૂર્ણ કરવા બદલ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનો ખૂબ-ખૂબ આભાર : લાભાર્થી અવનીબેન પરમાર



## ડૉ. બાબાસાહેબ આંબેડકર લોન યોજના અંતર્ગત વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવાના સપના સેવતા અનુસૂચિત જાતિના અનેક યુવાનોના શમણાંને પાંખો મળી

"મારી બહેન અશ્વિનીબેન પરમાર, જે હાલમાં ફિલીપાઈન્સમાં એમ.બી.બી.એસ.નો અભ્યાસ કરી રહી છે, તે બાળપણથી જ ભણવામાં હોંશિયાર હતી. વિદેશમાં અભ્યાસ કરવાનું તેનું સપનું હતું.

વિદેશમાં અભ્યાસ કરવો ઘણો ખર્ચાળ હોવાથી અમારા પરિવારને તે ખર્ચ પરવડી શકે તેમ નહોતો. રાજ્ય સરકાર દ્વારા વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે અનુસુચિત જાતિને લોન અપાતી હોવાની જાણ થઈ. અરજી, ડોક્યુમેન્ટેશન સહિતની પ્રક્રિયા પૂર્ણ થતા દીદીને વિદેશ અભ્યાસ માટે રૂા. ૧૫ લાખની લોન સરળતાથી મળી ગઈ. અમને આશા છે કે, તે ભવિષ્યમાં ડોક્ટર બની પોતાનું સપનું સાકાર કરશે. ૧૫ લાખની લોન મળતા મારી બહેનની સાથે પરિવારનું સ્વપ્ન પૂર્ણ કરવા બદલ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનો ખૂબ-ખૂબ આભાર માનું છું." આ શબ્દો છે રાજકોટ શહેરમાં રહેતા અવનીબેન પરમારના.

સમાજના આર્થિક રીતે નબળા વર્ગો અને ખાસ કરીને અનુસૂચિત જાતિના સર્વાંગી વિકાસ માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે. અનુસૂચિત જાતિની શૈક્ષણિક, આર્થિક અને સામાજિક અભિવૃદ્ધિ અર્થે અનેકવિધ યોજનાઓ અમલી છે. જે પૈકી એક યોજના એટલે વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે ડો. બાબાસાહેબ આંબેડકર લોન યોજના. આ યોજનાનો લાભ લઈ રાજકોટના અશ્વિનીબેન પરમાર જેવા વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવાના સપના સેવતા અનેક યુવાનોને શમણાંને પાંખો મળી છે. અનુસૂચિત જાતિના તેજસ્વી કારકીર્દી ધરાવતા વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશ જઈ શકે, તે માટે આર્થિક રીતે મદદરૂપ થવા ‘વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે ડો. બાબાસાહેબ આંબેડકર લોન’ યોજના અંતર્ગત રૂા.૧૫.૦૦ લાખની લોન ૪%ના વ્યાજના દરે આપવામાં આવે છે. સ્નાતક કક્ષાએ ૫૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવ્યા હોય, તેઓને પોસ્ટ ગ્રેજયુએટ, પી.એચ.ડી. કે ઉચ્ચકક્ષાના સંશોધન અને કોમ્પ્યુટર ક્ષેત્રના અભ્યાસક્રમો માટે તેમજ ધો.૧૨ બાદ વિદેશમાં ચાલતા ટેકનિકલ અને પ્રોફેશનલ અભ્યાસક્રમો માટે આ લોન આપવામાં આવે છે. આ યોજનાનો લાભ લેનાર મૂળ ગુજરાત રાજયના વતની હોવા જોઈએ. એક જ પરિવારના વધુમાં વધુ બે વ્યકિતને લોન મળી શકે છે. વિદ્યાર્થીએ અભ્યાસક્રમનો સમયગાળો પૂર્ણ કર્યા બાદ ૬ માસ પછી લોનની ભરપાઈ કરવાની રહે છે. મુળ રકમ ભરપાઈ થયા બાદ વ્યાજ પણ તે પ્રમાણે જ ભરપાઈ કરવાનું હોય છે. વિદેશની શિક્ષણ સંસ્થા જે-તે સરકાર દ્વારા માન્ય થયેલી અને અભ્યાસની ડીગ્રી જે-તે દેશમાં સ્વીકૃત થયેલી હોવી જોઈએ.

લાભાર્થીએ એક સદ્ધર જામીન રજુ કરવાના રહેશે. વિઝા અને એરટીકીટ રજૂ કર્યા બાદ જ મંજુરીની કાર્યવાહી કરવામાં આવે છે. આ અંગેની વધુ જાણકારી https://sje.gujarat.gov.in/dscw/schemes ઉપરથી મેળવી શકાશે.

આલેખન : માર્ગી મહેતા

# ૩ મે આંતરરાષ્ટ્રીય પત્રકારિતા સ્વતંત્રતા દિવસ વર્ષગાંઠ

‘વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ડેના દિવસે હું સરકારને વિનંતી કરૂ છું કે, પ્રેસ સ્વંત્રતાને મજભૂત કરવા અને પત્રકારોની સુરક્ષાને પ્રોત્સાહન આપવું. કારણ કે, તે સત્યના હક્ક માટે ઉભું છે - એન્ટાનિયો ગ્યુટેર (યુનાઈટેડ નેશન્સ સેક્રેટરી જનરલ-૨૦૧૮માં આપેલા ભાષણમાંથી સાભાર) વિશ્વભરમાં ‘પ્રેસ’ને મહત્વ અપાયું છે અને પોત-પોતાની રીતે સરકારો, પ્રજા અને પ્રેસ સાથેનો નાતો રહ્યો છે. અનુશાસન, કાયદો, અધિકાર, પાલન અને અમલ બજવણી સાથે તેનું પાલન થાય છે. પ્રેસના લખાણએ દસ્તાવેજી પુરાવા તરીકે ન્યાયાલય અને વકીલો માટે સ્વીકૃત મનાય છે. તેમછતાં ક્યારે સરકારી શાસનની જોહુકમીથી પ્રેસ અને સંવાદદાતાઓની શોષાવું પડે કે જેલમાં કારાવાસ ભોગવવો પડે અથવા જાન ગુમાવવા પડે છે. તેથી આ અંગે જાગૃતિ લાવવા, તેમજ સરકારો અને પત્રકારો તેમજ પ્રેસ સાથે સંકળાયેલા તમામ લોકો, સંસ્થા અરસપરસ સહચારી, મિત્રતા દાખવે, પોતપોતાની અડચણોનો વિનિમય થાય, પોત-પોતાની સમસ્યા, સૂચનો અને ભાવિ આયોજન વિષે ચર્ચા થાય, માન સન્માન અપાય, ઉમદા પ્રેસ કામગીરીને બિરદાવી બહુમાન સાથે સન્માનિત કરાય તેવા હેતુ લક્ષી ઉદેશો ધ્યાનમાં રાખી યુનેસ્કો દ્વારા આ દિવસની ઉજવણી થાય છે. ‘વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ડે’ કે ‘વર્લ્ડ પ્રેસ ડે’ તરીકે વિશ્વમાં આ દિવસ ઓળખાય છે. દર વર્ષે એક થીમ નક્કી થાય છે. ૨૦૨૩ની થીમ છે ‘માનવ અધિકાર, અભિવ્યક્તિની સ્વત્રાંતાના ભાગીદારો અધિકારોના ભવિષ્ય માટે’ ડાઈવર ચાલાક તરીકે અભિવ્યક્તિ સ્વત્રંત્ર ન્યુયોર્કમાં ૪૦ જુદા જુદા સ્થળોએ - ૭ દિવસ -આ દિવસ માટે આયોજનો થશે એમ યુનેસ્કો ઓફિસ જણાવે છે. ટેબલ ન્યૂઝ જોખમી છે એમ હર કોઈ સ્વીકારે છે તેમ છતાં લોકશાહીની મજબૂતી પ્રેસ ઉપર નિર્ભર છે અને તેની આવશ્યકતા છે. એવો મત ૧૭૬૬માં થોમસ જેફર્સને આપેલો જે આજે પણ સાચો ઠરે છે. પ્રેસસમાજનું જીવંતદ્રશ્ય છે, સમાજની આરસી છે. બોલતો ઈતિહાસ છે. આજે પ્રજા અને સરકાર માટે પ્રેસ, મીડિયા અનિવાર્ય ઘટક બની ગયું છે, દરેક સારી કે ખરાબ વસ્તુ માટે સાવધાની અને સાવચેતી અને જરૂરી સુધારા રાખવામાં આવે તો ભાવિ વિકાસ માટે સૂચક સૂચક ચિહ્નો છે. ૧૯૯૧માં યુનેસ્કો અને સંયુક્ત રાષ્ટ્રન જન સુચના વિભાગોએ મળીને આ દિવસ ઉજવવા એક મત થયેલા અને ૧૯૯૩માં નામિબિયામાં(આફ્રિકા ) વિન્ડહોકની ઘોષણાની વર્ષગાંઠે ૨૬માં સત્રમાં ૩ મેના રોજ આંતર રાષ્ટ્રીય પત્રકારિતા સ્વતંત્રતા દિવસ-**World Press Freedm day \ World Press Day** ઘોષિત કર્યો અને સંબંધિત પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં ત્યારથી વૈશ્વિક સ્તરે તેની ઉજવણી કરવામાં આવે છે. જેનો ઉદ્દેશ્ય પ્રેસની સ્વતંત્રતાના જુદા જુદા પ્રકારના ઉલ્લંઘનોની ગંભીરતા વિષાયક જાણકારી આપવાનો હતો, સરકાર આધિન કાયદા પાલન સાથે જે તે સરકારો પણ પત્રકારિતાની આઝાદીને પત્રકારોને નુકસાન ન પહોંચે તેની તાકીદ કરવાનો હેતુ પણ હતો. પ્રકાશનોની કાટછાંપ કરવાનો, કાનૂન ભંગ કરતાં પ્રકાશને નિલંબિત કરવાનો હતો તો સાથે સાથે પત્રકારોની જવાબદારીની સમજ અને પાલન માટે આવશ્યક ભાર મુકવાનો હતો અને પત્રકારિતા કામ કરતી વખતે મૃત્યું-હત્યા પામેલા કે સદ્દગત જીવોને, તેઓના ઉમદા કાર્યને બિરદાવી શ્રદ્ધાંજલિ અર્પિત કરવાનો દિવસ હતો જેનું પાલન આજે પણ પાલન થાય છે. આ દિવસે વિશ્વભરમાં, પોતપોતાના ખંડ, વિસ્તાર, રાજયોમાં ‘પ્રેસ સ્વતંત્રતા’ માટેની જાગૃતિ વધારવાની યાદ વધારવાના શબ્દ અને છબી દ્વારા વિચારોના મુક્ત પ્રવાહને પ્રોત્સાહન માટે આયોજનો થાય છે. સરકારોને પ્રેસ અને તેની સ્વતંત્રતા પ્રતિ તેઓના કર્તવ્યની યાદ અપાવવામાં આવે છે. પ્રેસ અને પત્રકારો પ્રત્યે સન્માન કરવા અને આ સંબંધને ટકાવી રાખવાનો અધિકાર સ્વતંત્રતા યુનિવર્સલ હુમન રાઈટ્સમાં ૧૯૪૮માં ડેકલેશનમાં દર્શાવેલી છે કે દરેક વ્યક્તિને અભિપ્રાય અને ઉચ્ચારણની સ્વતંત્રતાનો અધિકાર છે. પ્રિન્ટેડ કે ઈલેક્ટ્રોનિક મીડિયાની સામગ્રી બાબત દખલગીરી ન થવી જોઈએ રાજકીય રીતે સંરક્ષણ, બંધારણીય અધિકારો, કાનૂની રક્ષણની સ્વતંત્રતાનો અધિકાર પ્રેસને છે. આ વાત ભારતના બંધારણ ઘડવૈયા બાબાસાહેબ આંબેડકરે સંવિધાનમાં મૂકેલી છે અને દુનિયાની સૌથી મોટી લોકશાહીના ચાર મુખ્ય સ્તંભમાં પત્રકારિતાને સ્થાન અપાયું છે. યુનેસ્કો દ્વારા સંમતિ યજમાન દેશ તરીકે વિશ્વ પ્રેસ ફ્રીડમ ડે સંમેલનમાં આમંત્રિત કરાય છે. કાર્યક્રમમાં આ વખતનું ઘોષ વાક્ય છે ચૂંટણીના સમયમાં પ્રેસના સામનો કરી રહેલાં નવા મુદ્દાઓ અને અવરોધો બાબત ચર્ચા થશે. શાંતિ અને સમાધાનની સંસ્કૃતિને વિકસાવવામાં મદદ માટે મીડિયાની ક્ષમતા ઉપર પ્રકાશ પાડતા, પત્રકારોની સલામતી (ઓનલાઈન અને ઓફલાઈન એમ બંને) તેમજ વિકાસ આપણે કેવીરીતે વધુ માહિતીની મેળવવી, વધતી જતી વાતાવરણી સામે સારી રીતે દબાણ કરી શકીએ તે અંગેની ચિંતાઓનું પરીક્ષણ થશે. જેઓએ દુનિયામાં ક્યાંય પણ રક્ષા અથવા પ્રેસ સ્વતંત્રતાના પ્રચારમાં ઉત્કૃષ્ટ કામગીરીથી મહત્વનું યોગદાન આપેલું છે તેના વિશ્વભરની સરકારી ગેર સરકારી સંગઠનો અને યુનેસ્કોના સદસ્ય રાજયોમાંથી આવેલા નામાંકનનોમાંથી જ્યુરીની પસંદગી પાત્ર નીવડેલી યોગ્ય વ્યકતિને **UNESCO/ Guillermo World Press Fredom Prizena** પુરસ્કાર માનવંતા મહાનુભાવોની હાજરીમાં એનાયત થાય છે. ઉપસ્થિત પત્રકારોને સંબોધવામાં આવે છે, વર્તમાન હાલાતોની ચિંતા વ્યક્ત થાય છે, પડકારો માટેના ઉકેલો શોધી તે અંગે કામગીરી હાથ ધરવા છણાવટ થાય છે. મીડિયા વ્યાવસાયિકો, પ્રેસ સંગઠનો અને એજન્સીઓ એકસાથે ભેગા થઈ વિશ્વ પ્રેસ ફ્રિડમ ડેની ઉજવણી કરે છે. ભારતમાં પણ સરકારી તેમજ ખાનગી ઉજવણી થાય. અધિવેશન/સંમેલન વેળાએ યુવા ન્યુઝ રૂમ, ફોટો પ્રદર્શન, કાર્ટૂન પ્રદર્શન, ફિલ્મ સ્ક્રેનિંગ, શૈક્ષણિક પરિષદ વગેરે વિવિધતા તેમાં જોવા મળેછે. આ દિવસ મીડિયા સમર્થન દિવસ છે. પત્રકારોએ પણ પોતાની જવાબદારી, સંસ્થા અને કલમ સાથે વફાદારી સાથે સત્યના માર્ગે રહીને પોતાની ફરજ બજાવવાની જરૂરત છે. પીળા જર્નાલિઝમનો વિરોધ અને પત્રકારિતાના ગુણધર્મો માટે સજાગ અને જાગૃત રહેવાનો સંકલ્પ કરવો જોઈએ.

**- જિતેન્દ્ર પાઢ, અમેરિકા**

## અવસાન નોંધ

જામ ખંભાળિયા : બ્રહ્મક્ષત્રિય સ્વ. મોહનલાલ હેમરાજ વિંછી(ભાડથર વારા)ના પુત્ર કિરીટભાઈ(ઉ.વ.૬૮) તારીખ ૨ ના રોજ અવસાન પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા આજરોજ બુધવારે સાંજે ૫ થી ૫:૩૦ ભાઈઓ તથા બહેનો માટે અત્રે દ્વારકા ગેઈટ પાસે આવેલી શ્રી બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિની વાડી ખાતે રાખવામાં આવેલ છે.

# ગુજરાત સરકારે ગરવી ગુજરાત ભવનમાં સોમનાથ મંદિરની ઉડી ગુફા બનાવી, દિલ્હીવાસીઓને મળશે વાસ્તવિક અનુભવ

## ડિજિટલ માધ્યમથી ગુજરાત દેખાડી રહ્યું છે પોતાનો સાંસ્કૃતિક વારસો





વેરાવળ, તા.૩

દિલ્હીને હવે દેશના મુખ્ય જ્યોતિર્લિંગો પૈકી એક એવા ગુજરાતના 'શાશ્વત તીર્થ' સોમનાથ મંદિરનાં દર્શન કરવાનો અવસર મળશે. ગુજરાત સરકારે દિલ્હીના ૨૫બી અકબર રોડ સ્થિત ગરવી ગુજરાત ભવનમાં એક ઉડી ગુફા બનાવી છે. આ ગુફાનું ઉદ્ઘાટન ગઈકાલે ગુજરાત સ્થાપના દિવસના અવસરે વડાપ્રધાનના અગ્ર સચિવ ડો. પી.કે. મિશ્રા, સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશો ન્યાયમૂર્તિ એમ. આર. શાહ અને ન્યાયમૂર્તિ બેલાબેન ત્રિવેદીએ સંયુક્ત રીતે કર્યું હતું.

રાજ્ય સરકારના પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા વિકસાવવામાં આવેલ આ એક અનોખો અનુભવ છે. ગરવી ગુજરાત ખાતે આયોજિત ગુજરાત સ્થાપના દિવસ સમારંભમાં સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ અરવિંદકુમાર અને દિલ્હીના ઉપ-રાજયપાલ વિનયકુમાર સકસેના પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ વર્ચ્યુઅલ રિયાલિટી પ્રોજેક્ટના માધ્યમથી સોમનાથ મંદિરના સ્થાપત્ય, સંસ્કૃતિ અને ધાર્મિક મહત્વનો પ્રચાર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. શ્રી સોમનાથ મંદિરને **3-DLiDAR** સ્કેનિંગ/ મેપિંગ સિસ્ટમની સાથે સ્કેન કરવામાં આવેલ છે. તે લોકોને વર્ચ્યુઅલ રિયાલિટીના માધ્યમથી અસલ મંદિર જેવો અનુભવ કરાવશે. ગરવી ગુજરાત આવનારા લોકો આ ઉડી ગુફા અને વીઆર ગોગલ્સ (વર્ચ્યુઅલ રિયાલિટી માટેનાં ચશ્માં)ના માધ્યમથી સોમનાથ મંદિરની નાની-નાની બારીકાઈનો પણ અસલ મંદિર જેવો જ અનુભવ કરી શકશે. આ સિસ્ટમના માધ્યમથી અહીં આવનાર પ્રત્યેક વ્યક્તિને એક અનોખો અને અદભુત અનુભવ મળશે.

આ અગાઉ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના ભાષણમાં દેશના ઐતિહાસિક વારસાને સંરક્ષિત કરવા અને તેનો પ્રચાર-પ્રસાર કરવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો. ગુજરાત સરકારે પોતાના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસાને પ્રોત્સાહન આપવા અને તેને સંરક્ષિત કરવા માટે ઘણાં પગલાં ભર્યાં છે. આ પ્રોજેક્ટ પણ તેનો જ એક ભાગ છે. દિલ્હીનું ગરવી ગુજરાત ભવન, ગુજરાતનાં કળા અને શિલ્પ, વ્યંજનો અને સંસ્કૃતિનું પ્રતિબિંબ છે અને આ પ્રોજેક્ટના માધ્યમથી ગરવી ગુજરાત ભવનના આ પ્રોજેક્ટના માધ્યમથી એક નવો અધ્યાય જોડવામાં આવ્યો છે. આ ઉદ્ઘાટન સમારંભમાં પર્યટન સચિવ હરીત શુક્લા, નિવાસી આયુક્ત શ્રીમતી આરતી કંવર સહિત ગુજરાત અને ભારત સરકારના વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા.

# જૂનાગઢ જીલ્લામાં તા.૭મી મેએ ૨૧૦૦૦ ઉમેદવારો તલાટી કમ મંત્રીની પરીક્ષા આપશે

## જીલ્લાના ૭૪ પરીક્ષા કેન્દ્રો ઉપર ૧૨૨૫ કર્મચારીઓ અને ૪૩૦ પોલીસ સ્ટાફ ફરજ બજાવશે

જૂનાગઢ, તા.૩

જૂનાગઢ જિલ્લા સહિત રાજ્યભરમાં આગામી તા.૭મી મેના રોજ તલાટી કમ મંત્રીની પરીક્ષા યોજાનાર છે. જેમાં જૂનાગઢ જિલ્લામાં કુલ-૭૪ પરીક્ષા કેન્દ્રો ઉપર ૨૧૦૦૦ ઉમેદવારો પરીક્ષા આપશે.

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળની જાહેરાત ક્રમાંક તા.૧૦/૨૦૨૧-૨૨ તલાટી કમ મંત્રીની સ્પર્ધાત્મક પરીક્ષા શાંતિપૂર્ણ વાતાવરણમાં લેવાય અને પરીક્ષા દરમ્યાન કોઈપણ પ્રકારની ગેરરીતિ ન થાય એમાટે કલેક્ટર અનિલ રાણાવસિયાના માર્ગદર્શન હેઠળ વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

આગામી તા.૭ના રોજ બપોરના ૧૨-૩૦ થી ૧૩-૩૦ કલાક દરમ્યાન તલાટી કમ મંત્રીની સ્પર્ધાત્મક પરીક્ષા યોજાનાર છે. જેમાં જૂનાગઢ જિલ્લામાં કુલ-૭૪ પરીક્ષા કેન્દ્રો ઉપર ૭૦૦ બ્લોકમાં કુલ-૨૧૦૦૦ ઉમેદવારોની બેઠક વ્યવસ્થા કરવામાં આવી છે. જે અન્વયે જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર સાથે સંકળાયેલ અલગ અલગ વિભાગોના અંદાજિત ૧૨૦ અધિકારી-કર્મચારીઓ અને પરીક્ષા કેન્દ્રો ઉપર અંદાજિત ૧૨૨૫ કર્મચારીઓને પરીક્ષાલક્ષી વિવિધ ફરજો સોંપવામાં આવેલ છે. આ પરીક્ષામાં કાયદો અને વ્યવસ્થા માટે પોલીસ વિભાગના અંદાજિત ૪૩૦ પોલીસ સ્ટાફને પરીક્ષાલક્ષી બંદોબસ્તની ફરજો સોંપવામાં આવેલ છે. તેમજ જૂનાગઢ જિલ્લાના કેન્દ્ર ખાતે કોઈ ઉમેદવારને પરીક્ષા કેન્દ્ર શોધવામાં મુશ્કેલી ન પડે તે માટે જિલ્લા પંચાયત કચેરી, જૂનાગઢ ખાતે હેલ્પલાઈન નંબર ૦૨૮૫ -૨૩૩૬૦૩૨ ઉપર તા.૭ મે સુધી કચેરીના કામકાજના કલાકો દરમ્યાન સંપર્ક કરવાનો રહેશે.

# શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ જીન પ્લોટ પે સેન્ટર શાળાનો વિદ્યાર્થી તાલુકા કક્ષાએ શિષ્યવૃત્તિની પરીક્ષામાં પ્રથમ ક્રમાંકએ ઝળક્યો



જૂનાગઢ, તા.૩

રાજ્ય પરીક્ષા બોર્ડ-ગાંધીનગર દ્વારા ધોરણ ૬માં લેવામાં આવતી **Gujarat Primary Scholarship Exam-2023**માં પ્રતિવર્ષ તાલુકામાંથી બે વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. જેમાં ભેંસાણ તાલુકાના સરકારી અને ખાનગી પ્રાથમિક શાળાઓના ધોરણ ૬ના વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપેલ હતી. તેમાંથી શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ જીન પ્લોટ પે સે. સરકારી પ્રાથમિક શાળાના ધોરણ-૬માં અભ્યાસ કરતા કુંજ કેતનભાઈ હરખાણીએ કુલ ૨૦૦ ગુણમાંથી ૧૭૧ જેટલા ઉચ્ચ ગુણ પ્રાપ્ત કરી પ્રથમ નંબર મેળવી આ શિષ્યવૃતિ મેળવવા માટે લાભાન્વિત થયા છે. ત્યારે તેમના પરિવાર અને શાળા સહિત તાલુકાનું ગૌરવ વધારવા બદલ શાળા પરિવાર તેમને અભિનંદન પાઠવે છે.

# વેરાવળની કોલેજ ઓફ ફિશરીઝ સાયન્સને ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ નવી દિલ્હી દ્વારા એક્રેડીટેશન મળ્યું





વેરાવળ, તા.૩

ગુજરાત રાજ્યની કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર હેઠળની કોલેજ ઓફ ફિશરીઝ સાયન્સ, વેરાવળ ખાતે ચાલતા સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ (આઈ.સી.એ.આર.), નવી દિલ્હીના તેમજ યુનિવર્સિટીના નિયમો મુજબ ચલાવવામાં આવે છે તે સુનિશ્ચિત કરવા તથા મહાવિદ્યાલયની અભ્યાસની તમામ પ્રવૃત્તિઓનું અવલોકન કરવા માટે ભારતીય કૃષિ અનુસંધાન પરિષદર, નવી દિલ્હીનીટીમ તારીખ ૨૩ થી ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૩ દરમ્યાન એક્રેડીટેશન માટે કોલેજ ની મુલાકાતે આવેલ હતી. જે અંતર્ગત ફિશરીઝ કોલેજ, વેરાવળને ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ આઈસીએઆર, નવી દિલ્હીનું આગામી પાંચ વર્ષો માટે એક્રેડીટેશન મળ્યું છે.

આ એક્રેડીટેશન મળવાથી ફિશરીઝ કોલેજ, વેરાવળએ ભારતની અગ્રગણ્ય નામાંકિત કોલેજોની હરોળમાં સ્થાન પામેલ છે અને આઈ.સી.એ.આર., નવી દિલ્હીદ્વારા આ કોલેજને દર વર્ષે નિયમિતરૂપે ડેવલપમેન્ટ ગ્રાન્ટ મળશેઅને કોલેજના વિદ્યાર્થીઓને આગળ અભ્યાસ માટે ખૂબ મદદરૂપ થશે. જે ફિશરીઝ કોલેજ, વેરાવળ તેમજ સમગ્ર યુનીવર્સીટી માટે ગૌરવની વાત છે.

ઉલ્લેખનીય છે કે કામધેનુ યુનિવર્સિટીના માન.કુલપતિ ડો.એન.એચ.કેલાવાલાના નેતૃત્વમાં ફિશરીઝ ફેકલ્ટીના ડીન ડો.એમ. એન. બ્રહ્મભટ્ટ, ફિશરીઝ કોલેજ, વેરાવળના આચાર્ય ડો.એસ. આઈ. યુસુફઝાઈ અને કોલેજના સ્ટાફ દ્વારા ફિશરીઝ કોલેજ, વેરાવળને શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ ક્ષેત્રે ખુબ આગળ લાવી અને આ કોલેજ દરેક બાબતોમાં પરિપૂર્ણ થાય તે દિશામાં કાર્ય થઈ રહ્યુ છે.

# સોમનાથ ખાતે 'સોમનાથ પ્રિમીયર લીગ મહાક્રિકેટ ટુર્નામેન્ટ'નું આયોજન

**ભારતના બાર જયોર્તિલીંગની જેમ ટુર્નામેન્ટમાં રમનારી ટીમો બાર હશે અને દરેકના અલગ અલગ જયોર્તિલીંગના નામે ટીમો ઓળખાશે : પ્રત્યેક ટીમના ટી-શર્ટ ઉપર તે જે જયોર્તિલીંગ ટીમ હશે તે એકસરખા કલર અને તેના ઉપર જયોર્તિલીંગનું નામ**

(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૩

સોમનાથ પ્રભાસ પાટણ ખાતે ગઈકાલ તા.૨/૫ થી તા.૧૨/૫ સુધી સોમનાથ પ્રિમીયર લીગ મહા ક્રિકેટ ટુર્નામેન્ટ યોજવામાં આવી રહી છે જેમાં ભારતના બાર જયોર્તિલીંગ હોય દરેક ટીમનું અલગ અલગ એક જયોર્તિલીંગ નામ રહેશે અને ડ્રેસ કોડ સાથેના ટી-શર્ટમાં જેતે જયોર્તિલીંગનુંનામ રહેશે. આ ક્રિકેટ ટુર્નામેન્ટનું સફળ આયોજક ગોવિંદભાઈ વંશ, મિલનભાઈ જોષી, હિરેનભાઈ જીમુલીયા, સુનિલ અટારા, સન્ની વાજા, દિવ્યેશ બામણીયા, નિરવ પરમાર, રાજ વાઢેર સહિતની ઉત્સાહીત આયોજક ટીમે કરેલ છે. સોમનાથના ઉના ઉપર આવેલા બાયપાસ નજીકના સદભાવના મેદાન ખાતે રાત્રે ૮ વાગ્યાથી આ મેચ રમાશે, ખેલાડીઓ આ મેચમાં ભાગ લઈ રહ્યા છે. પ્રભાસના યુવાનોમાં રમત-ગમતમાં પ્રોત્સાહન અને ભવિષ્યમાં દેશ-વિશ્વના ક્રિકેટર બને તેનો ઉત્સાહ વધારવા ૨૦૧૯થી આ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવે છે અને ક્રિકેટ રસીક-અગ્રણીઓ મેચ નિહાળવા ઉમટે છે.

# શ્રમિક દિન નિમિત્તે ખંભાળિયા નગરપાલિકાના શ્રમિકોને સન્માનિત કરાયા



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩

તારીખ પહેલી મેના રોજ શ્રમિક દિન (મજૂર દિવસ) નિમિત્તે ખંભાળિયામાં આવેલા યોગ કેન્દ્ર ખાતે ખંભાળિયા નગરપાલિકામાં ફરજ બજાવતા સફાઈ કામદારોને સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં ભાજપ પરિવાર દ્વારા ૨૦ જેટલા સફાઈ કર્મચારીઓનું મોં મીઠા કરી, સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા ભાજપ મહામંત્રી રસિકભાઈ નકુમ તથા શહેર ભાજપ મહામંત્રી ઈન્દ્રજીતસિંહ પરમારએ પ્રસંગિક ઉદબોધન કર્યું હતું. આ પ્રસંગે યુવા ભાજપ પ્રમુખ વનરાજસિંહ વાઢેર, નગરપાલિકાના જીગ્નેશભાઈ પરમાર, કોર્પોરેટર અજુભાઈ ગાગીયા, કિશોરભાઈ નકુમ, રાણાભાઈ ગઢવી, નિરવભાઈ કવૈયા, રમેશભાઈ વાઘેલા, વિગેરે સાથે જોડાયા હતા.

# ખંભાળિયામાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડુતોના ખેત પેદાશના વેચાણ કેન્દ્રનો પ્રારંભ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોના ખેત પેદાશના વેચાણ કેન્દ્રનો પ્રારંભ ખંભાળિયાની તાલુકા પંચાયત કચેરી ખાતેથી થયો છે. જેમાં જિલ્લામાંથી ૧૪ જેટલા ખેડુતો દ્વારા ખેત પેદાશોનું વેચાણ કરવામાં આવ્યું હતું. આ શુભારંભ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી, તાલુકા પંચાયતના પ્રમુખ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. પ્રાકૃતિક ખેત પેદાશોનું વેચાણ દર સોમવારે સવારે ૯ થી ૧ સુધી ખંભાળિયાની તાલુકા પંચાયત કચેરી ખાતે કરવામાં આવશે. કાર્યક્રમનું સંચાલન જિલ્લા ખેતીવાડી અધિકારી તેમજ પ્રોજેક્ટ ડાયરેક્ટર આત્મા દ્વારા કરવામાં આવ્યુંહતું.

# ખંભાળિયાના સુવિખ્યાત જુંગીવારા ધામ ખાતે સાતમો પાટોત્સવ કાર્યક્રમ ભવ્ય રીતે યોજાયો

## બેહ ગામે ધ્વજારોહણ, હવન, સાંસ્કૃતિક કાર્યક્રમો તથા ડાયરો યોજાયો



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૩

ખંભાળિયા તાલુકાના બેહ ગામે સ્થિત ૫૦૦ વર્ષ જૂના ઐતિહાસિક મહત્વ ધરાવતા તથા ભવ્ય એવા વીર વછરાજ જુંગીવારા વાછરાભાના મંદિર ખાતે શનિવારે સાતમા પાટોત્સવ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. બેહ તથા આસપાસના વિસ્તારના રહીશો માટે અનેક ઐતિહાસિક પરચા સાથે હજરાહજૂર મનાતા વીર વછરાજ ડાડાના સાનિધ્યમાં જુંગીવારા ધામ ખાતે યોજવામાં આવેલા આ ધર્મોત્સવમાં શનિવારે સવારથી ધ્વજારોહણ, હવન, સાંસ્કૃતિક કાર્યક્રમ, તથા રાત્રે લોક ડાયરાના કાર્યક્રમમાં જાણીતા કલાકારો બ્રીજદાન ગઢવી તથા વિજયભાઈ ગઢવીએ ભજન-ધૂનની રમઝટ બોલાવી હતી. ગૌશાળાના લાભાર્થે યોજવામાં આવેલા લોક ડાયરામાં ખૂબ મોટી સંખ્યામાં ફાળો એકત્ર થયો હતો. જુંગીવારા અન્નક્ષેત્રના યુવાનો, સ્વયંસેવક તથા અગ્રણીઓ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં બેહ તથા ખંભાળિયા તાલુકા ઉપરાંત જિલ્લાભરના લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને અહીં મેળા જેવું વાતાવરણ સર્જાયું હતું. આ ધર્મોત્સવમાં સાંસદ પૂનમબેન માડમ, જામનગરના પૂર્વ ધારાસભ્ય અને પૂર્વ મંત્રી હકુભા જાડેજા, ડિસ્ટ્રીક્ટ બેંકના ચેરમેન પી.એસ. જાડેજા, સરપંચ પ્રવીણભાઈ ગઢવી, વેરશીભાઈ ગઢવી, પરબતભાઈ ગઢવી, વિરેન્દ્રસિંહ જાડેજા, સહિતના આગેવાનો જોડાયા હતા.

# ખંભાળિયાના બેહ ગામે પાટોત્સવમાં પૂર્વ મંત્રી હકુભા જાડેજાને સન્માનિત કરાયા

## ડિસ્ટ્રિક્ટ બેંકના ચેરમેન પી.એસ. જાડેજાની સાકરતુલા કરાઈ



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૩

ખંભાળિયા તાલુકાના બેહ ગામે આવેલા સુવિખ્યાત જુંગીવારા વાછરાભાના મંદિર ખાતે શનિવારે પાટોત્સવના કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ખંભાળિયા તાલુકાના ચાર બારા, ભાતેલ તથા અન્ય ગામોના આગેવાનો દ્વારા પૂર્વ રાજ્યમંત્રી હકુભા જાડેજા તથા જામનગર ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંકના ચેરમેન અને યાર્ડના પ્રમુખ પી.એસ. જાડેજાનું સાકરતુલા સાથે સન્માન કરવામાં આવ્યું હતું. પૂર્વ મંત્રી હકુભા જાડેજા તથા પી.એસ. જાડેજાને સ્થાનિક આગેવાનો વેરશીભાઈ ગઢવી, પરબતભાઈ ગઢવી, વિરેન્દ્રસિંહ જાડેજા સહિતના આગેવાનો દ્વારા સન્માનિત કરાયા હતા.



વધુ મીષ્ટાન ખાવાથી તમારા ભાષણમાં મીઠાશ આવશે તેથી મતદારો આકર્ષાશે !



આજે તો બોણી જ ન થઈ, આજના ભોજન માટે આ ભીક્ષાપાત્ર વેંચવા પડશે !

# મુંબઈ-અમદાવાદ હાઇસ્પીડ રેલ કોરિડોરનું કામ બુલેટ ગતિએ



અમદાવાદ, તા.૩ મુંબઈઅમદાવાદ હાઈસ્પીડ રેલ કોરિડોરનુંકામ પુરજોશમાંચાલી રહ્યું છે. અમદાવાદ સાબરમતી ખાતે મલ્ટી મોર્ડલ ટ્રાન્સપોર્ટ હબ તૈયાર થઈ રહ્યું છે. કોરોડોરીનું કામ પણ બુલેટ ગતિએચાલી રહ્યુ છે. મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ કોરિડોર કુલ ૫૦ કિલોમીટરના નદી ઉપરના બ્રિજ વાયડક્ટ અને ૧૮૦ કિલોમીટર ફાઉન્ડેશન પૂર્ણ થયું છે. મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ પ્રોજેક્ટ નદી ઉપરના બ્રિજ માટે ૫૦ કિલોમીટરનો વિશાળ અને તે ભાગના લોખંડના ગર્ડર્સમૂકીને બીજો માઈલસ્ટોનસિદ્ધ કર્યો છે. ૫૦.૧૬ કિલોમીટર નદીના બ્રિજ પૂરા કર્યા છે. જે વડોદરા પાસે ૯.૧ કિલોમીટરનો સળંગ બ્રિજ સમાવે છે અને ૪૧.૦૬ કિલોમીટરના જુદા-જુદા લોકેશન ઉપર ઊભા કર્યા છે. ૨૮૫ કિલોમીટર લાંબો પાઈલ બનાવવામાં આવ્યો છે. ૨૧૫.૯ કિલોમીટરનું ફાઉન્ડેશન તૈયાર કર્યું છે અને ૧૮૨.૪ કિલોમીટરમાં ખાંભાનું કન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું છે. ગર્ડર્સ કસ્ટિંગ કુલ ૧૮૮૨ ગાર્ડર્સ ૭૫.૩ કિલોમીટરના ઉમેરવા માટે ગર્ડરનું કાસ્ટિંગ કરવામાં આવ્યુંછે. ગુજરાત અને દાદરા નગર હવેલીના ૮ જિલ્લામાંથી પસાર થતા સમગ્ર રેલવે લાઈનનું કન્સ્ટ્રક્શન વર્ક પૂરજોશમાં ચાલુ છે. વાપીથી સાબરમતી વચ્ચેના ૮ હાઈસ્પીડ રેલ્વે સ્ટેશન ઉપર બાંધકામ વિવિધ તબક્કા હેઠળ છે. સુરત ખાતે ૨૫૦ મીટર રેલ્વે લેવલ સ્લેબ, ૧૫૦ મીટરનો આણંદ ખાતે અને ૫૦ મીટરનો બીલીમોરા ખાતે હાઈસ્પીડ રેલવે સ્લેબ તૈયાર કરવામાં આવ્યો છે. મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ કોરિડોર ઉપર આણંદ/નડિયાદ હાઈસ્પીડ રેલનું પ્રથમ સ્ટેશન છે. જયાં રેલવેને જોડતા ૪૨૫ કિલોમીટરની લંબાઈના નાના રસ્તા સ્ટેશનના પ્રથમ લેવલ પૂર્ણ કરાયા છે. હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટમાં અમદાવાદ ખાતે નાના રસ્તાનું લેવલ સ્લેબ ૬૦ મીટર છે અને સુરત ખાતે ૩૦૦ મીટરનું કન્સ્ટ્રક્શન વગેરે તૈયાર કરવામાં આવ્યું છે. નર્મદા, તાપી, માહી અને સાબરમતી ઉપર બ્રિજનું કામ પ્રગતિમાં છે. એક પ્રથમ સળંગ બ્રિજ જાન્યુઆરી ૨૩માં પૂરો કર્યો છે.

# પાઠ્ય પુસ્તકોમાંથી ડાવર્નિયન ઉત્ક્રાંતિની સામગ્રી દૂર કરવાના પગલાનો ભારતના વૈજ્ઞાનિકોએ વિરોધ કર્યો

નવી દિલ્હી તા.૩ ભારતના વૈજ્ઞાનિકોએ ૯મા અને ૧૦મા ધોરણના લાખો વિદ્યાર્થીઓ દ્વારા ઉપયોગમાં લેવાતા પાઠ્યપુસ્તકોમાંથી ચાર્લ્સ ડાર્વિન ઉત્ક્રાંતિના સિધ્ધાંતની ચર્ચાને દૂર કરવાના નિર્ણયનો વિરોધ કરી રહ્યા છે. ૪૦૦૦થી વધુ સંશોધકો અને અન્ય લોકોએ અત્યાર સુધીમાં એક ખુલ્લા પત્ર ઉપર હસ્તાક્ષર કર્યા છે જેમાં અધિકારીઓને આ સામગ્રી પુર્નઃ સ્થાપિત કરવા માટે કહેવામાં આવ્યું છે. જવાહરલાલ નહેરૂ સેન્ટર ફોર એડવાન્સ્ડ સાયન્ટિફિક રિસર્ચના ઉત્ક્રાંતિ જીવવિજ્ઞાની અમિતાભ જોશી કહે છે કે, આ સામગ્રી દૂર કરવી એ માધ્યમિક શિક્ષણની કલ્પના ખોટી રીતે રજૂ કરે છે. અન્ય સંશોધકોને ડર છે કે, તે ભારતીય અધિકારીઓ દ્વારા સ્યુડોસાયન્સના વધતા જતા પ્રયાસનો સંકેત આપે છે. ધ બ્રેકથ્રુ સાયન્સ સોસાયટીએ ૨૦ એપ્રિલના રોજ નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિં (NCERT), જે એક સ્વાયત્ત સરકારી સંસ્થા છે જે ભારતના ૨૫૬ મિલિયન પ્રાથમિક અને માધ્યમિક વિદ્યાર્થીઓ માટે અભ્યાસક્રમ નક્કી કરે છે અને પાઠ્યપુસ્તકો પ્રકાશિત કરે છે, તેને એક ખુલ્લો પત્ર લખ્યો છે. NCERTએ સૌપ્રથમ કોવિડ-૧૯ રોગચાળાને લીધે ઓનલાઈન વર્ગોને સુવ્યવસ્થિત કરવા માટે પાઠ્યપુસ્તઈકોમાંથી ડા'વનિયન ઉત્ક્રાંતિની ચર્ચા દૂર કરી હતી ગયા વર્ષે NCERTએ એક દસ્તાવેજ જારી કર્યો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે, તે એવી સામગ્રીને ટાળવા માંગે છે જે હાલના સંદર્ભમાં અપ્રસ્તૃત છે. NCERT અધિકારીઓએ આ નિર્ણય અંગેના પ્રશ્નોના જવાબ આપવાનો ઈનકાર કર્યો હતો. બ્રેકથ્રુ સાયન્સ સોસાયટીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, દેશનો વૈજ્ઞાનિક સમુદાય જૈવિક ઉત્ક્રાંતિના સિધ્ધાંતને પડતો મૂકવામાં આવ્યો છે તે જોઈને નિરાશ છે. વિજ્ઞાનની આ મૂળભૂત શોધની માહિતીથી વંચિત રહેવાથી વિદ્યાર્થીઓની વિચાર પ્રક્રિયામાં ગંભીર અસર થશે. જોશી કહે છે કે, એક મોટી ચિંતા એ છે કે, જો ૯મા અને ૧૦મા ધોરણના અભ્યાસક્રમમાંથી તેને કાઢી નાખવામાં આવે તો મોટાભાગના ભારતીય વિદ્યાર્થીઓ ઉત્ક્રાંતિની વિભાવના સાથે સંપર્કમાં આવશે નહીં, કારણ કે, તેઓ તે પછીના ધોરણમાં જીવવિજ્ઞાનનો અભ્યાસં કરતા નથી. ઉત્ક્રાંતિ એ જીવવિજ્ઞાનનો સૌથી મહત્ત્વપૂર્ણ ભાગ છે જેના વિશે બધા શિક્ષિત નાગરિકોએ જાણવું જોઈએ. હોમીભાભા સેન્ટર ફોર સાયન્સ એજ્યુકેશનના ખગોળશાસ્ત્રી અને વિજ્ઞાનના હિમાયતી અનિકેંઈસુલે કહે છે કે, આ કાઢી નાખવા અંગે વધતા જતા વિરોધ છતા NCERT પોતાની ભૂલ સ્વીકારશે અને નિર્ણય ઉપર ફરીથી વિચાર કરશે એવી આશા નથી. ઓલ ઈન્ડિયા પીપલ્સ સાયન્સ નેટવર્કના ભૂતપૂર્વ પ્રમુખ જીવવિજ્ઞાની સત્યજીતરથ પણ આ અંગે નિરાશાવાદી છે. ભારત સરકારના આવા તાજેતરના નિર્ણયોના જોતા આ વિરોધની કોઈ અસર થશે નહીં. લાંબાગાળાના પરિણામોને પ્રભાવિત કરવા માટે સતત પ્રગતિશીલ પ્રયત્નોની જરૂર પડશે. NCERTનું આ પગલું ભારતમાં સ્યુડોસાયન્સના વધતા પ્રભાવ તરીકે જોવામાં આવે છે. રૂઢિચુસ્ત હિંદુ સંગઠનો સાથે જોડાયેલા સંશોધકો અને રાજકારણીઓએ ઉત્ક્રાંતિના સિધ્ધાંત વિશે શંકા વ્યક્ત કરી અને અસમર્થ દાવાઓને પ્રોત્સાહન આપ્યું છે કે, પ્રાચીન ભારતીયોએ અવકાશયાન બનાવ્યું હતુ અને સ્ટેમ સેલ સંશોધન હાથ ધર્યું હતું અને કેટલાક નિરીક્ષકોને ડર છે કે, ભારતનું આ પગલું પાકિસ્તાન સહિત પાડોશમાં આવેલા દેશોમાં ઉત્ક્રાંતિના અસ્વીકારને પ્રોત્સાહન આપી શકે છે. પાકિસ્તાની વિજ્ઞાનના હિમાયતી પરવેઝ હુડભોય પણ બાયોલોજીના પાઠ્યપુસ્તકો અંગે પહેલાથી જ વાચકોને ચેતવણી આપે છે કે, તેઓએ ઉત્ક્રાંતિના સિધ્ધાંતનો વિરોધ કરવો જોઈએ અને સલાહ આપવામાં આવે છે કે, તમે તેના ઉપર વિશ્વાસ ન કરો કારણ કે, તે અવૈજ્ઞાનિક છે અને તેના માટે પુરાવાનો અભાવ છે.

### શિક્ષક બનવા હમણાં સુધી TATની એક જ પરીક્ષા આપવી પડતી હતી

# રાજ્યની માધ્યમિક શાળામાં શિક્ષકની ભરતીમાં દ્વિ-સ્તરીય પરીક્ષા લેવાશે

### પ્રથમ પ્રિલિમ પરીક્ષા અને તે બાદ મેરિટના આધારે મેઈન્સ પરીક્ષા લેવાશે : રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષક બનવા માટેની પરીક્ષા પદ્ધતિમાં કરાયા ફેરફાર

અમદાવાદ, તા.૩ રાજ્યની માધ્યમિક શાળાઓમાં હવેથી શિક્ષક બનવા માટે ઉમેદવારોએ બે- બે પરીક્ષા આપવી પડશે. એટલે કે હમણાં સુધી એક માત્ર TATની પરીક્ષા આપી તેમાં ઉત્તીર્ણ થનાર શિક્ષક બની શકતા હતા, ત્યારે હવે શિક્ષણ વિભાગ દ્વારા નવી પરીક્ષા પદ્ધતિના નિયમોમાં ધરખમ ફેરફારો કરી તેના આધારે ભરતી કરવાનો નિર્ણય લીધો છે. રાજ્યના શિક્ષણ વિભાગે TAT (શિક્ષક અભિરૂચિ કસોટી) માં મહત્ત્વના ફેરફારો કરી ધો.૯થી ૧૨માં શિક્ષક બનવા દ્વિ-સ્તરીય પરીક્ષા લેવાનો નિર્ણય કર્યો છે. આ અંગે શિક્ષણ વિભાગ દ્વારા સત્તાવાર ઠરાવ પણ બહાર પાડી દીધો છે. જેમાં ઉમેદવારોએ પ્રથમ પ્રિલિમ પરીક્ષા આપવાની રહેશે અને તેના મેરિટના આધારે મેઈન્સ લેવામાં આવશે. જેથી હવે પછી શિક્ષણ વિભાગ દ્વારા થનારી ભરતી નવી પરીક્ષા પદ્ધતિના આધારે લેવામાં આવશે. સંભવત મે મહિનાના અંતમાં અથવા તો જૂન માસની શરૂઆતમાં પરીક્ષા લેવાશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ-૯થી ૧૨ની શાળામાં શિક્ષક બનવા માટે ૨૦૧૨થી શિક્ષક અભિરૂચી કસોટી લેવામાં આવે છે. ૨૦૦ માર્કની આ પરીક્ષા અત્યાર સુધી MCQ પ્રકારે લેવામાં આવતી હતી. જેમાં ઉપસ્થિત થનાર ઉમેદવાર પરીક્ષા પાસ કર્યા બાદ શાળામાં શિક્ષક બનવા માટે લાયક ગણાતા હતા. જો કે, નવી શિક્ષણ નિતીમાં વિદ્યાર્થીઓને વ્યવસાયિક કૌશલ્યો શીખવવાની ભલામણ કરવામાં આવી છે. જેથી વધુ ગુણવત્તાસભર શિક્ષકોની ભરતી કરી શકાય તે માટે શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષકો માટેની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કરવાનો નિર્ણય લીધો છે. શિક્ષકો માટેની શિક્ષક અભિરૂચી કસોટી (TAT)માં ફેરફાર કરાયો છે. જેમાં હવેથી આ પરીક્ષા આ વર્ગ-૧ અને વર્ગ-૨ના કર્મચારીઓની જેમ જ લેવાનું આયોજન કરાયું છે. પરીક્ષા પદ્ધતિમાં કરવામાં આવેલા ફેરફાર અંગે સરકાર દ્વારા ઠરાવ પણ બહાર પાડી દેવામાં આવ્યો છે. ધોરણ-૯ અને ધોરણ-૧૦ માટે શિક્ષક અભિરૂચી કસોટી-માધ્યમિક અને ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ શિક્ષક અભિરૂચી કસોટી-ઉચ્ચતર માધ્યમિક લેવામાં આવશે. બંને પરીક્ષાની લાયકાત ધરાવતા ઉમેદવારો બંને પરીક્ષા આપી શકશે. TATની પરીક્ષા પદ્ધતિમાં ૨૦૦ માર્કની પ્રિલીમ પરીક્ષા MCQ આધારિત હશે. જેમાં ૧૦૦ ગુણનો પ્રથમ ભાગ તમામ ઉમેદવારો માટે એકસરખો રહેશે. જયારે બીજા ભાગમાં ૧૦૦ ગુણનો વિભાગ ઉમેદવાર અરજી કરે તે વિષય આધારિત પૂછવામાં આવશે. MCQ આધારિત આ કસોટીના મૂલ્યાંકનમાં ખોટા જવાબ માટે ૦.૨૫ માર્કનું નકારાત્કમ મૂલ્યાંકન રહેશે. ત્યારબાદ પ્રિલિમનરીના કટઓફના આધારે ઉમેદવારો મેઈન્સ આપી શકશે. મેઈન્સ વર્ણનાત્મક લેખિત સ્વરૂપની પરીક્ષા લેવાશે. જેમાં ૧૦૦-૧૦૦ ગુણના બે પેપર પુછવામાં આવશે. પ્રથમ પેપર માધ્યમ મુજબ ભાષાનું રહેશે. જ્યારે બીજુ પેપર વિષયવસ્તુ અને પદ્ધતિ શાસ્ત્રનું હશે. સરકાર દ્વારા નવા શૈક્ષણિક વર્ષથી શરૂ કરવામાં આવનારી જ્ઞાનસેતુ, જ્ઞાનશક્તિ સહિતની ચાર પ્રકારની પ્રોજેક્ટ સ્કૂલો તેમજ જ્યાં શિક્ષકોની ઘટ હોય છે ત્યાં ભરવામાં આવતા પ્રવાસી શિક્ષકોની પસંદગી પણ આ પરીક્ષાના મેરિટના આધારે પસંદગી કરવામાં આવશે તેમ પણ સૂત્રોએ જણાવ્યું હતું. હાઈસ્કૂલના શિક્ષક માટેની આ પરીક્ષા પાસ કર્યા બાદ ઉમેદવારના મેરિટ લિસ્ટની માન્યતા એ પછી નવી પરીક્ષા જ્યાં સુધી લેવાય નહીં ત્યાં સુધીની રહેશે તેમ પણ ઠરાવમાં જણાવાયું છે.

# હવે ટ્વિટર ઉપર ન્યૂઝ વાંચવા માટે યૂઝર્સે આપવા પડશે પૈસા

### ટ્વિટર યુઝરને પ્રતિ લેખના આધારે પૈસા ખર્ચવા પડશે યુઝર્સ માટે મંથલી સબસ્ક્રીપ્શન વિકલ્પ પણ અપાશે



કેલિફોર્નિયા , તા.૩ ટ્વિટરના માલિક એલન મસ્કે મીડિયા પ્રકાશકો માટે મોટી ઘોષણા કરી છે. એલન મસ્કે ટ્વિટ કરીને જણાવ્યું હતું કે આગામી મહિનાથી ટ્વિટર ઉપર ન્યુઝ વાંચવા માટે યુઝરછે પેમેન્ટ કરવું પડશે. એટલે કે યુઝર એન્ડ યુઝ વાંચવા હશે તો પૈસા આપવા પડશે. મસ્કે ટ્વિટ કરીને જણાવ્યું હતું કે આગામી મહિનાથી ટ્વિટર યુઝરને પ્રતિ લેખના આધારે પૈસા ખર્ચ કરવા પડશે. યુઝર્સ માટે મંથલી સબસ્ક્રીપ્શન વિકલ્પ પણ આપવામાં આવશે. જેમાં યુઝરે ન્યુઝ વાંચવા માટે પેમેન્ટ કરવું પડશે. આ અંગેની જાણકારી એલન મસ્કે ટ્વિટ કરીને આપી હતી. મસ્કે પોતાના ટ્વિટમાં જણાવ્યું હતું કે આ નિર્ણય ઘણા લોકો માટે આવકનો મહત્વપૂર્ણ સોર્સ બનશે. સાથે જ લોકો યુઝર્સને સારૂં કન્ટેન્ટ આપવા માટે પણ લોકો મજબૂર થશે. મહત્ત્વનું છે કે થોડા દિવસો પહેલા જ ટ્વિટરે બધા જ યુઝર્સની પ્રોફાઈલમાંથી બ્લુટીક વેરીફાઈ હટાવી દીધું હતું. જેને લઈને જોરદાર ચર્ચાઓ થઈ હતી. હવે ટ્વિટર ઉપર બ્લુટીક મેળવવા માટે હવે ખર્ચ કરવો પડે છે. તેવામાં વધુ એક નવી જાહેરાત એલન મસ્કે કરી છે. જે અંતર્ગત ટ્વિટર ઉપર ન્યુઝ વાંચવા માટે હવે યુઝર્સે સબસ્ક્રીપ્શન લેવું પડશે અને પૈસા આપવા પડશે.

# રાજ્યના ગામડાઓની પાયાની જરૂરિયાત માટે રૂા.૪૪,૮૦૦ લાખની જોગવાઈ મંજૂર

ગાંધીનગર, તા.૩ રાજ્યના ગ્રામીણ વિસ્તારના વિકાસ માટેની મહત્ત્વપૂર્ણ યોજના એવી એટીવીટી (ATVT) યોજના માટે સરકારે બજેટમાં કરેલી રૂા.૪૪,૮૦૦ લાખની ફાળવણીનો સારકારના નાણાં વિભાગે વહીવટી મંજૂરી આપી દેતાં હવે આગામી સમયમાં તાલુકાવાર ગ્રાન્ટની ફાળવણી બાદ તે અંગેના કામો હાથ ધરવામાં આવશે.

રાજ્ય સરકારની "આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો (ATVT) યોજના " ગ્રામીણ વિસ્તારની યોજના હોવાથી આ યોજના હેઠળ ગામડાઓમાં આંતરિક રસ્તાઓ, ગટર વ્યવસ્થા, ઘન કચરાનો નિકાલ અને પીવાલાયક શુદ્ધ પાણી જેવી ન્યુનત્તમ અને મૂળભૂત જરૂરિયાતોના કામો હાથ ધરવામાં આવે છે. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં ATVT યોજના માટે રૂા.૪૪૮૦૦ લાખની માતબર જોગવાઈ કરવામાં આવી છે તેને રાજ્યના નાણાં વિભાગ દ્વારા વહીવટી મંજૂરી આપવામાં આવી છે.

ગુજરાતના ગામડાઓના વિકાસ માટે હવે આ ગ્રાન્ટની તાલુકાવાર સપ્રમાણમાં વહેંચણી મુજબ ફાળવણી કરવામાં આવશે. વધુમાં ATVT યોજના હેઠળ મળતી ગ્રાન્ટની મુખ્ય ૪ કાર્યક્રમ હેઠળ ફાળવણી કરવામાં આવે છે. જેમાં પ્રથમ તાલુકા સેન્ટ્રીક એપ્રોચ અનુસાર દરેક તાલુકાને મળવાપાત્ર ગ્રાન્ટ ફાળવવામાં આવે છે, ત્યારબાદ પ્રાંત અધિકારીને તાલુકાદીઠ રૂા.૨૫ લાખ લેખે મળવાપાત્ર ગ્રાન્ટની ફાળવણી કરાય છે. આ સિવાય પ્રાંતઅધિકારી દીઠ પણ રૂા.૨૫ લાખ લેખે મળવાપાત્ર ગ્રાન્ટની ફાળવણી કરાય છે. આ સિવાય પ્રાંત અધિકારી દીઠ પણ રૂા.૨૫ લાખ લેખે ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે. ઉપરાંત રાજયના ૫૧ વિકાસશીલ તાલુકાઓને પણ વિશેષ ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.

ચાલુ નાણાકીય વર્ષમાં રાજ્યના ૫૧ વિકાસશીલ તાલુકાને કુલ રૂા.૫૧૦૦ લાખની વિશેષ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગ્રામીણ વિસ્તારના વિવિધ પ્રશ્નોના ઉકેલ માટે તાલુકાને વિકાસનું એકમ ગણીને રાજ્ય સરકારે 'તાલુકા સેન્ટ્રીક એપ્રોચ' અપનાવીને વર્ષ ૨૦૧૦-૧૧થી તાલુકામાં આવેલ ગામડાઓની સંખ્યાને ધ્યાને લઈ તાલુકાવાર ગ્રાન્ટ ફાળવવાનો નિર્ણય કર્યો હતો. રાજ્ય સરકારે છેવાડાના માનવીનું જીવનધોરણ વધુ સુધારવા અને પાયાની મૂળભૂત જરૂરિયાતોને પરિપૂર્ણ કરવા રૂા.૩૭,૫૨૫ લાખની જોગવાઈ સાથે ATVT યોજના અમલમાં મૂકી હતી

# કર્ણાટકના મતદારોનો કથિત ફોન સર્વેક્ષણ શા માટે ચિંતાજનક છે ?

(એજન્સી) તા.૩ કર્ણાટકમાં ૧૦ મેની વિધાનસભાની ચૂંટણી પહેલા બેંગલુરુમાં ઘણા લોકો તેમની મતદાન પસંદગીઓ અથવા રાજકીય વલણ જાણવા માટે અણગમતા ફોન કૉલ્સ અંગે સોશિયલ મીડિયા ઉપર ફરિયાદ કરી રહ્યા છે, અને આ કવાયતે મતદારોની ગોપનીયતા અંગે ચિંતાઓ ઊભી કરી છે. નિષ્ણાંતોએ જણાવ્યું હતું કે કથિત ટેલિફોનિક સર્વેક્ષણો જે મૂળભૂત સર્વેક્ષણ ધોરણોને પૂર્ણ કરવામાં નિષ્ફળ જાય છે તે મતદારની ગોપનીયતાને નુકસાન પહોંચાડી શકે છે. આ એકત્રિત ડેટાનો સંભવિત દુરુપયોગ થઈ શકે છે. ગયા વર્ષના મતદાર ડેટાની ચોરીને પગલે, કર્ણાટકની મતદાર યાદીમાં સામૂહિક રીતે અમુક નામો કાઢી નાખવામાં આવ્યા હતા. બેંગલુરુમાં લોકોએ કહ્યું કે, તેઓને કથિત અભિપ્રાય સર્વેક્ષણો માટે તેમના પ્રતિભાવો મેળવવા માટે એક દિવસમાં અનેક કોલ્સ પ્રાપ્ત થઈ રહ્યા છે. માનસી કુમારે કહ્યું કે મને એપ્રિલની શરૂઆત સુધી દરરોજ આવા બેથી ત્રણ કોલ્સ આવતા હતા. આ કૉલ્સનું આવર્તન હવે ઘટી ગયું છે, પરંતુ મને હજી પણ દર બે દિવસે એક કોલ આવે છે. કુમારે કહ્યું કે તેણીને પૂછવામાં આવ્યું કે તેણી કયા રાજકીય પક્ષને સમર્થન આપે છે. Truecaller મોબાઈલ એપ્લિકેશન કે જે અનલિસ્ટેડ કોલર્સને ઓળખવામાં મદદ કરે છે, તેમાં "બાસવનાગુડી સર્વે ઈલેક્શન"નો એક નંબર દર્શાવ્યો હતો. તેણી કર્ણાટકની રાજધાનીમાં અન્ય વિધાનસભા મતવિસ્તારમાં મતદાર તરીકે નોંધાયેલ છે, બસવાનાગુડીમાં નહીં. ફોન કરનારાઓએ કન્નડમાં વાત કરીને તેમની ઓળખ જાહેર કરવાનો ઈનકાર કર્યો હતો. જ્યારે મેં પુછ્યું કે આ સર્વે કોણ કરી રહ્યું છે, ત્યારે તેઓએ કહ્યું કે તેઓ તે માહિતી જાહેર કરી શકતા નથી, તેઓ એ પણ સમજાવી શક્યા નથી કે તેમને મારો નંબર ક્યાંથી મળ્યો હતો. બેંગલુરુમાં એક પત્રકાર રોહિણી મોહને કહ્યું કે તેને પણ વારંવાર આવા ફોન આવ્યા છે. તે ચૂંટણીમાં કોને મત આપશે તે જાણવા માટે એક સ્વયંસંચાલિત કૉલ આવ્યો હતો. તેણીને ભારતીય જનતા પાર્ટી, કોંગ્રેસ, જનતા દળ સેક્યુલર અને આમ આદમી પાર્ટીમાંથી એકને પસંદ કરવાનું કહેવામાં આવ્યું હતું. આ સર્વે ન્યૂઝ૭ કન્નડ દ્વારા કરવામાં આવી રહ્યો હતો. ન્યૂઝ૭ કન્નડ એક સમાચાર સંસ્થા છે, પરંતુ તે ભાગ્યે જ લગભગ કોઈ સોશિયલ મીડિયાની હાજરી દર્શાવતી નથી અને તેની વેબસાઈટ, તેના કહેવાતા Facebook અને પૃષ્ઠો ઉપર અસ્તિત્વમાં નથી. આ કોલ્સના કારણે એકત્ર કરવામાં આવી રહેલા ડેટાના સંભવિત દુરુપયોગની આશંકા છે. સોશિયલ મીડિયા ઉપર કેટલાક લોકોએ સૂચવ્યું કે ડેટાનો ઉપયોગ આખરે મતદારયાદીના મતદારોમાંથી દૂર કરવા માટે થઈ શકે છે. આવી ચિંતાઓ પાયાવિહોણી ન હોઈ શકે. ૧૭ એપ્રિલના રોજ, ચૂંટણી પંચે બેંગલુરુમાં મતદારોના ડેટાની ચોરી અંગે ધ ન્યૂઝ મિનિટ અને કન્નડ ડિજિટલ ન્યૂઝ પ્લેટફોર્મ પ્રતિધ્વનિ દ્વારા નવેમ્બરમાં પ્રકાશિત થયેલા અહેવાલની પુષ્ટિ કરી હતી. મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓએ કથિત રીતે ચિલુમે નામના ખાનગી ટ્રસ્ટને ગેરકાયદેસર રીતે મતદાર જાગૃતિ ફેલાવવાના બહાને તેને ગુપ્ત રીતે શહેરમાં મતદારોનો ડેટા એકત્રિત કરવાની મંજૂરી આપી હતી. ટ્રસ્ટના સબ-કોન્ટ્રેક્ટેડ ફિલ્ડ એજન્ટોએ બ્લોક ચૂંટણી અધિકારીઓ તરીકે સૌ પાસેથી માહિતી મેળવતા હતા. ચૂંટણી પંચની તપાસમાં જાણવા મળ્યું છે કે ચિલુમે દ્વારા એકત્રિત કરવામાં આવેલ ડેટા એક ખાનગી મોબાઈલ એપ ઉપર અપલોડ કરવામાં આવ્યો હતો અને ચૂંટણીના નિયમોનું ઉલ્લંઘન કરીને, સંભવિત રીતે ચીન અથવા પૂર્વ યુરોપમાં વિદેશી સર્વર ઉપર સ્ટોર કરવામાં આવ્યો હતો. કમિશને કહ્યું કે ટ્રસ્ટ રાજકીય પક્ષોને વેચવાના ઉદ્દેશ્યથી આ ડેટા એકત્ર કરી રહ્યું છે. ભાજપના ભૂતપુર્વ ધારાસભ્ય અને ૨૦૧૮ની ચૂંટણીમાં બેંગલુરુના કેઆર પુરમ વિધાનસભા મતવિસ્તારના પક્ષના ઉમેદવાર નંદીશા રેડ્ડીએ અગાઉ ચિલુમેને ૧૭.૫ લાખ રૂપિયા ચૂકવ્યા હતા. કમિશને ભાજપના મંત્રી સીએન અશ્વથનારાયણ સાથે આ ટ્રસ્ટના સંભવિત સંબંધોનો પણ ઉલ્લેખ કર્યો હતો. રેડ્ડી અને નારાયણે આરોપોને ફગાવી દીધા છે. કમિશને કહ્યું કે આ કેસમાં મતદારયાદીમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી, પરંતુ તાજેતરના મહિનાઓમાં કર્ણાટકમાં મતદાર કાઢી નાખવાનો વિવાદનો મુખ્ય મુદ્દો રહ્યો છે. નવેમ્બરમાં, કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે મતદારયાદીમાંથી કાઢી નાખવામાં આવેલા ૨૭ લાખ મતદારોમાંથી ઘણાને ફોર્મ ૭ સબમિટ કર્યા વિના દૂર કરવામાં આવ્યા હતા, જે આ માટે ફરજિયાત છે. આ વર્ષે ફેબ્રુઆરીમાં, શિવાજીનગરના ૯,૦૦૦થી વધુ રહેવાસીઓ, જે ૨૦૦૮થી કોંગ્રેસનો મતવિસ્તાર છે, તેઓને મતદાર યાદીમાંથી દૂર કરવાનું ટાળવા માટે તેઓ આ વિસ્તારમાં રહેતા હોવાનું સાબિત કરવા માટે ચૂંટણી પંચ તરફથી નોટિસો મળી હતી. આ નોટિસ ચૂંટણી માટે અંતિમ મતદારયાદી પ્રકાશિત થયાના એક મહિના પછી જારી કરવામાં આવી હતી. ભાજપના કાર્યકરો દ્વારા કરવામાં આવેલી ફરિયાદના આધારે ૨૬,૦૦૦ નકલી મતદારો કાંતો મતવિસ્તારમાંથી બહાર નીકળી ગયા છે અથવા મૃત્યુ પામ્યા છે. તે સ્પષ્ટ નથી કે તેઓએ આ સૂચિ કેવી રીતે ઍક્સેસ કરી હતી. શિવાજીનગરના કોંગ્રેસના ધારાસભ્ય રિઝવાન અરશદે આરોપ મૂક્યો હતો કે જે મતદારોને નામ કાઢી નાખવાની નોટિસ મળી હતી તેમાંથી મોટાભાગના ખ્રિસ્તી, દલિત અને મુસ્લિમ હતા અને ચૂંટણી અધિકારીઓએ ચિલુમેના ડેટાના આધારે મતદારોના નામ કાઢી નાખ્યા હતા. મતદારયાદીમાંથી નામ હટાવવાના વિરોધમાં અરશદ હાઈકોર્ટમાં ગયા હતા, પરંતુ તેની અરજી ફગાવી દેવામાં આવી હતી. આ બધાને ધ્યાનમાં રાખીને, આ સર્વેક્ષણો અને ચૂંટણી પ્રક્રિયાઓ હાથ ધરનારા સુધારણા અને મતદાર નિષ્ણાતોએ જણાવ્યું હતું કે ટેલિફોનિક ઓપિનિયન પોલ અંગેની ચિંતાઓ વાજબી હોઈ શકે છે. ચૂંટણી સર્વેક્ષણોનું સંચાલન અને સંશોધન કરી રહેલા વિદ્વાનોના નેટવર્કે જણાવ્યું હતું કે જ્યાં સુધી મતદાન પહેલાં તેમના પરિણામો જાહેર કરવામાં ન આવે ત્યાં સુધી આદર્શ આચારસંહિતા લાગુ હોય ત્યારે પણ ઓનલાઈન સર્વેક્ષણ કરવા ઉપર કોઈ પ્રતિબંધ નથી. જો કે, ઉત્તરદાતાઓનું નામ જાહેર ન કરીને, આ ટેલિફોનિક સર્વેક્ષણ ધોરણોને અનુરૂપ નથી. ઓનલાઈન સર્વેક્ષણને ઘણા લોકો દ્વારા અનુકૂળ પદ્ધતિ ગણવામાં આવે છે, આવા અભિપ્રાય સર્વેક્ષણ કરતી વખતે મૂળભૂત સિદ્ધાંતોનું પાલન કરવું જરૂરી છે. પ્રતિવાદીએ તેમની સંમતિ આપવી જોઈએ અન ઉત્તરદાતાએ આ સર્વેક્ષણ કોણ કરી રહ્યું છે, કોણ તેને ભંડોળ પૂરૂ પાડે છે અને અભ્યાસનો હેતુ શું છે જેવી તમામ વિગતો પ્રદાન કરવી આવશ્યક છે. ચૂંટણી સશક્તિકરણ ઉપર કામ કરતા એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સના સહ- સ્થાપક જગદીપ છોકરે પૂછ્યું કે, શું સર્વેયર તેમની ઓળખ છતી કરે છે અને શું તે અધિકૃત છે ? આવા સર્વેની નકારાત્મક અસરો પણ હોઈ શકે છે. તેઓ રાજકીય પક્ષ સાથે જોડાયેલા હોઈ શકે છે. જો એમ હોય તો, કથિત સર્વેક્ષણો ગોપનીયતાના અધિકારનું ઉલ્લંઘન છે. ફેબ્રુઆરીમાં, ચૂંટણી પંચે માહિતીના અધિકારના જવાબમાં ખુલાસો કર્યો હતો કે ભારતના ૯૪.૫ કરોડ મતદારોમાંથી ૬૦%થી વધુ લોકોએ તેમના આધાર નંબરને તેમના મતદાર ID સાથે લિંક કર્યા છે. કર્ણાટકમાં આ આંકડો લગભગ ૭૧% છે. બેંગલુરુમાં કથિત ટેલિફોનિક સર્વેક્ષણ એ મતદારયાદીમાંથી મતદારોના નામ દૂર કરવાનો પ્રયાસ હોવાની શક્યતાને નકારી શકાતી નથી. જો કે, કર્ણાટક રાજ્ય ચૂંટણી પંચે કથિત સર્વેક્ષણો વિશે સ્ક્રોલના પ્રશ્નોનો જવાબ આપ્યો નહતો.

# ચોરવાડ ખાતે રિલાયન્સ દ્વારા નવીનીકરણ પામેલી શાળાનું લોકાર્પણ

## રૂા. ૨.૭૫ કરોડના ખર્ચે શ્રી. એચ. જી. અંબાણી ગર્લ્સ હાઈસ્કૂલ સંપૂર્ણ સુવિધાઓથી સજ્જ બનાવાઈ




(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા, તા.૩

જૂનાગઢ જિલ્લાના ચોરવાડ ખાતેની શ્રી. એચ.જી. અંબાણી ગર્લ્સ હાઈસ્કૂલનું રિલાયન્સ ઈંડસ્ટ્રીઝ દ્વારા રૂા.૨.૭૫ કરોડના ખર્ચે નવીનીકરણ કરીને શાળા વ્યવસ્થાપન સમિતીને સુપ્રત કરવામાં આવી હતી. રિલાયન્સના ધનરાજ નથવાણીના માર્ગદર્શનમાં આ શાળાના જૂના મકાનનું નવીનીકરણ કરીને અદ્યતન સંશાધનોથી તથા ફર્નિચરથી સજ્જ બનાવવામાં આવી છે અને કન્યાકેળવણીની દિશામાં નોંધપાત્ર યોગદાન આપવામાં આવ્યું છે. આશરે ૩૨,૦૦૦ ચો.ફૂટ જેટલા પ્લોટ ઉપર ૧૧,૦૦૦ ચો.ફૂટ્ કરતાં વધુ બાંધકામ કરીને ૧૦ ક્લાસરૂમ, પ્રિન્સીપાલ ઓફીસ, સ્ટાફરૂમ, કપ્મ્પ્યુટર લેબ., સાયન્સ લેબ, એકટીવીટી રૂમ સહિતની સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. સહ શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે સંગીતનાં સાધનોતથા સ્પોર્ટ્સનાં સાધનો ઉપલબ્ધ કરાવાયાં છે. ઉપરાંત આંતરમાળખાંકીય સુવિધાઓના ભાગ રૂપે અંડર ગ્રાઉંડ પાણીની ટાંકી, પીવાના પાણીની સુવિધા, સી.સી. ટીવી. કેમેરા, પબ્લીક એડ્રેસ સીસ્ટમ, ફાયર નેટવર્કિંગ સીસ્ટમ, શાળાનું પ્રવેશદ્વાર, કંપાઉંડ વોલ વગેરેથી આ શાળાનાં મકાનને સજ્જ કરાયું છે.

## સર્વોત્તમ પરિણામની અવિરત પરંપરા યથાવત

# આલ્ફા વિદ્યા સંકુલના વિદ્યાર્થીઓ ધો-૧૨ સાયન્સ અને ગુજકેટના પરિણામમાં અવ્વલ



જૂનાગઢ, તા.૩

છેલ્લા ૧ દાયકા કરતા પણ વધુ સમયથી કાર્યરત જીગ્નેશભાઈ નકુમ દ્વારા સંચાલિત આલ્ફા વિદ્યા સંકુલે જાહેર થયેલ ધો.૧૨ સાયન્સ અને ગુજકેટના પરિણામમાં પોતાનું પ્રથમ સ્થાન જાળવી રાખ્યું છે. જૂનાગઢનું આલ્ફા વિદ્યા સંકુલ ધો.૧૨ સાયન્સના પરિણામમાં પણ અવ્વલ રહ્યું છે. પાછલા ઘણા વર્ષોની પરંપરાને જાળવી રાખતા મુખ્યમંત્રી દ્વારા સન્માનિત આ સંકુલ દ્વારા આ વર્ષે પણ સર્વોત્તમ પરિણામ દ્વારા વિદ્યાર્થીઓ અને વાલીઓનો વિશ્વાસ અકબંધ રખાયો છે.

ગઈકાલે જાહેર થયેલ ગુજરાત બોર્ડના ધો. ૧૨ સાયન્સના પરિણામમાં શાળાના કુલ ૪ વિદ્યાર્થીઓ એ -૨ ગ્રેડ સાથે ઉત્તીર્ણ થયા છે તો કુલ ૪ વિદ્યાર્થીઓ એ ૯૯% પીઆરથી વધુ ગુણ મેળવ્યા છે. ૯૮ % કે તેથી વધુ પીઆર મેળવનારા ૯ વિદ્યાર્થીઓ અને ૯૫ પીઆર કે તેથી વધુ મેળવનારા કુલ ૧૯ વિદ્યાર્થીઓ છે અત્રે ઉલ્લેખનીય છે કે શાળા દ્વારા કરાવાયેલ અથાગ મહેનત અને વિદ્યાર્થીઓની સતત મહેનતના પરિણામ સ્વરૂપે ૪૦ થી પણ વધારે વિદ્યાર્થીઓ ૯૦% કે તેથી વધુ પીઆર પ્રાપ્ત કરવાનમાં સફળ રહ્યા છે.

ઉપરાંત ગુજકેટના જાહેર થયેલ પરિણામમાં પણ આલ્ફા વિદ્યા સંકુલના વિદ્યાર્થીઓનું પરિણામ સુંદર આવેલ છે. જેમાં કુલ ૯ વિદ્યાર્થીઓને ૧૦૦ માર્કસ મેળવ્યા હતા તો કુલ ૩ વિદ્યાર્થીઓએ ૯૯% કે તેથી વધુ પીઆર મેળવ્યા હતા, જયારે ૩૦થી પણ વધુ વિદ્યાર્થીઓએ ૯૫% પીઆર મેળવી શાળા અને પરિવારનું ગૌરવ વધાર્યું હતું.

શાળા દ્વારા આમ પણ વિદ્યાર્થીઓ માટે **JEE / NEET** ની તૈયારી ઉપર વિશેષ ધ્યાન આપવામાં આવે છે જેથી બાળકનું ૧ વધારાનું વર્ષ આ તૈયારી પાછળ વેડફાય નહિ. કોટા રાજસ્થાન, વારાણસી, બેંગ્લોર જેવા મહાનગરના તજજ્ઞ શિક્ષકો દ્વારા સાયન્સ અને **JEE / NEET**ની તૈયારીઓ એક સાથેજ થઈ જાય છે. ઉપરાંત કુદરતી સાનિધ્યથી છલોછલ સૌરાષ્ટ્રના સૌથી વિશાળ કેમ્પસમાં રહી વિદ્યાર્થી શૈક્ષણિક, માનસિક અને શારીરિક વિકાસ સાધી શકે છે. પોતાના ઉત્તમ પરિણામ દ્વારા ફરી એક વાર આલ્ફા વિદ્યા સંકુલે કુછ બનને કી સહી જગહના સૂત્રને સાર્થક કર્યું છે.

# આદિવાસી નેતા ભાજપ છોડ્યાના એક દિવસ બાદ કોંગ્રેસમાં જોડાયા



રાયપુર, તા.૩

છત્તીસગઢમાં ભારતીય જનતા પાર્ટી છોડ્યાના એક દિવસ બાદ વરિષ્ઠ આદિવાસી નેતા નંદ કુમાર સાય આજે રાજ્યની સત્તાધારી પાર્ટી કોંગ્રેસમાં સામેલ થઈ ગયા છે. તેઓ છત્તીસગઢના સીએમ અને કોંગ્રેસ નેતા ભૂપેશ બઘેલની હાજરીમાં કોંગ્રેસમાં જોડાયા છે. સાયના કોંગ્રેસમાં સામેલ થવા પર સીએમ ભૂપેશ બઘેલે ફેસબુક પોસ્ટ કરીને જાણકારી આપી છે. તેમણે લખ્યુ- જુડા હાથ સે હાથ, મિલા આપકા સાથ. રોસે કે સાથ જારી હૈ, આદિવાસી બિત કી બાત. સ્વાગત અને અભિનંદન ડો. નંદ કુમાર સાય જી. ઈ હાથ સે હાથ જોડો.. જારી હૈ. સાયના કોંગ્રેસમાં સામેલ થવા પર મધ્યપ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ કમલનાથે કહ્યું કે, આ તો ટ્રેલર છે. જનતા દુઃખી છે, ભાજપના વરિષ્ઠ નેતા દુઃખી છે. કોંગ્રેસના પ્રદેશ કાર્યાલય રાજીવ ભવનમાં આયોજિત કાર્યક્રમમાં સાયએ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ, પ્રદેશ અધ્યક્ષ મોહન મરકામની હાજરીમાં કોંગ્રેસની સદસ્યતા ગ્રહણ કરી હતી. આ અવસર પર સાયએ કોંગ્રેસ સભ્યપદનું ફોર્મ ભર્યું અને મુખ્યમંત્રીએ તેમને સૂતરની માળા પણ પહેરાવી હતી. છત્તિસગઢમાં ભાજપને મોટો આંચકોનંદ કુમાર સાયના કોંગ્રેસમાં સામેલ થવા પર સીએમ ભૂપેશ બઘેલે ફેસબુક પોસ્ટ કરીને જાણકારી આપી આ અવસર પર કોંગ્રેસના તમામ મોટા નેતાઓ હાજર રહ્યા હતા. સાઈએ રવિવારે રાજ્ય બીજેપીના પ્રદેશ અધ્યક્ષ અરુણ સાવના નામે પોતાનું રાજીનામું મોકલ્યું હતું જેમાં દાવો કર્યો હતો કે તેમના સહયોગીઓ તેમની વિરુદ્ધ કાવતરું ઘડી રહ્યા છે અને તેમની છબી ખરાબ કરવા માટે ખોટા આરોપો લગાવી રહ્યા છે. સાયએ કહ્યું હતું કે તે આનાથી દુઃખી છે.છત્તીસગઢના ઉત્તારીય વિસ્તારમાંથી આવતા સાય ઘણા વર્ષોથી ભાજપના મુખ્ય આદિવાસી ચહેરો રહ્યા હતા. તેઓ પ્રથમ વખત વર્ષ ૧૯૭૭માં મધ્ય પ્રદેશની ટપકારા વિધાનસભા બેઠક (હવે જશપુર જિલ્લામાં) થી જનતા પાર્ટીની ટિકિટ પર ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા.

# ઈન્ડિયન માનવ અધિકાર એસોસિએશન માંગરોળ શાખા દ્વારા પાણીના પ્રશ્ને રજૂઆત



(નિલેશ રાજપરા દ્વારા) માંગરોળ, તા.૩

માંગરોલમાં કાળજાળ ઉનાળાની શરૂઆતમાં જ જીવન જરૂરી એવા પાણીનું વિતરણ અઠવાડિયામાં એક જ વખત કરવામાં આવી રહ્યુ છે અને પ્રજામાં દેકારો મચી ગયો છે. આ બાબતને ગંભીર ગણી ઈન્ડિયન માનવ અધિકાર એસોસિએશનમાંગરોળશાખા દ્વારા ચીફ ઓફિસરને આવેદનપત્ર આપ્યું હતું અને રજૂઆત કરવામાં આવેલ કે દરરોજ શક્ય ન હોય તો કમ સે કમ ૩ દિવસે પાણીનું નિયમિત વિતરણ કરવામાં આવે અને આ પ્રશ્નનો તત્કાલ નિકાલ કરવામાં આવે તેમ પ્રમુખ મિલનભાઈ બારડ દ્વારા જણાવેલ છે.

## ચેન્નાઈ એરપોર્ટ પર અધિકારીઓ પણ ચોંક્યા

# મલેશિયાથી આવેલી મહિલાની બેગમાંથી ૨૨ જીવતા સાપ નીકળ્યા



ચેન્નાઈ, તા.૩

મહિલા મુસાફરની બેગમાંથી અલગ-અલગ પ્રજાતિના ઓછામાં ઓછા ૨૨ સાપ અને કાચંડાઓ મળી આવતાં ચેન્નાઈ એરપોર્ટ પર સત્તાવાળાઓ ચોંકી ઉઠ્યા હતા. મહિલા મુસાફર શુક્રવારે મલેશિયાથી ચેન્નાઈ આવી હતી. એરપોર્ટ પરથી વાયરલ થયેલા વીડિયોમાં જોઈ શકાય છે કે, અધિકારીઓ લાંબા સળિયાનો ઉપયોગ કરીને સાપને બહાર કાઢી રહ્યા છે. જ્યારે કેટલાક પોતે બેગમાંથી બહાર નીકળીને જમીન પર ચાલવા લાગ્યા છે. મહિલાની કુઆલાલંપુરથી આવ્યા બાદ કસ્ટમ વિભાગે ધરપકડ કરી હતી. ચેન્નાઈ કસ્ટમ વિભાગે ટ્વીટ કર્યું છે કે, ૨૮.૦૪.૨૩ના રોજ ફ્લાઈટ નંબર **AK13** દ્વારા કુઆલાલંપુરથી પહોંચેલી એક મહિલા પેસેન્જરને કસ્ટમ વિભાગે રોકી હતી. તેમના સામાનની તપાસ કરતાં વિવિધ પ્રજાતિના ૨૨ સાપ અને એક કાચંડો મળી આવ્યો હતો. મહિલાની કસ્ટમ વિભાગ દ્વારા ધરપકડ કરવામાં આવી ત્યારબાદ, કસ્ટમ્સ વિભાગે એક્ટ **1962 r/w** વાઈલ્ડલાઈફ પ્રોટેક્શન એક્ટ, ૧૯૭૨ હેઠળ કેસ નોંધ્યો અને મહિલાની ધરપકડ કરી. અગાઉ જાન્યુઆરીમાં આવી જ એક ઘટનામાં, ચેન્નાઈ એરપોર્ટના કસ્ટમ્સ વિભાગે ૪૫ બોલ અજગર, ત્રણ માર્મોસેટ્સ, ત્રણ સ્ટાર કાચબો અને આઠ કોર્ન સાપ મેળવ્યા હતા, અધિકારીઓએ જણાવ્યું હતું. કસ્ટમ અધિકારીના જણાવ્યા અનુસાર, ૧૧ જાન્યુઆરીના રોજ, બેંગકોકથી આવેલા પેકસના બેગેજ કલેમ બેલ્ટની પાસે મળી આવેલી બે દાવા વગરની બેગમાંથી ૪૫ બોલ અજગર, ત્રણ માર્મોસેટ્સ, ત્રણ સ્ટાર કાચબો અને આઠ કોર્ન સાપ મળી આવ્યા હતા. ચેન્નાઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર દાણચોરી કરાયેલા વિદેશી પ્રજાતિના સાપ અથવા અન્ય સરિસૃપ પકડવાના ઘણા કિસ્સાઓ બન્યા છે. તમિલનાડુ ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટના સૂત્રોએ જણાવ્યું હતું કે, એક વખત વિદેશી પ્રજાતિઓના સરિસૃપની દેશમાં દાણચોરી કરવામાં આવે છે, ત્યારે ગ્રે માર્કેટમાં તેઓની ખૂબ ઊંચી કિંમત મળે છે. જે દક્ષિણ ભારતમાં અન્ય સ્થળોએ દાણચોરી કરવામાં આવે છે. કેટલાક કિસ્સાઓમાં આ પ્રજાતિઓને દિલ્હી, જયપુર અને લખનૌ જેવા ઉત્તર ભારતીય રાજ્યોમાં પણ લઈ જવામાં આવે છે.

# ધો. 12 Science - 2023 ના પરીણામોમાં મોદી સ્કૂલનું 'સંપૂર્ણ વર્ચસ્વ'

## 99.99 PR સાથે Board 1" નું સ્થાન ધરાવતા ૬-૬ વિદ્યાર્થીઓ



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૩

તા. ૨-૫-૨૦૨૩ નારોજ જાહેર થયેલ હોરણ ૧૨ **Science**ના પરીણામોમાં મોદી સ્કૂલના વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્કૃષ્ટ દેખાવ કરેલ છે. મોદી સ્કૂલમાં ૬૬ વિદ્યાર્થીઓને **99.99 PR** સાથે **Board 1"**નું સ્થાન મેળવીને શાળા પરીવાર તથા માતા-પિતાનું ગૌરવ વધારીને પોતાની ઉચ્ચ કારકીર્દી મોદી સ્કૂલથી કંડારી છે.

આ ૬ વિદ્યાર્થીઓ પૈકી કંડોરીયા ફીનાદ જેઓ શિક્ષક માતાના સંતાન છે તેઓએ ત્રિવેણી સંગમરૂપી ત્રેવડી સિધ્ધી હાંસલ કરી છે. **Board PR, All PR** તથા **Science PR** ત્રણેયમાં તેઓએ **99.99 PR** મેળવીને વિશિષ્ટ સિધ્ધી હાંસલ કરી છે. તેઓએ **GUJCET**માં પણ **99.98 PR** મેળવેલ છે. શાળાના વિદ્યાર્થી તન્ના બાદલ જેઓના પિતા ડોકટર સતીષ તન્ના જેઓ સદભાવના હોસ્પીટલના ડોકટર છે તેમને પણ **Board** તથા **Theory PR**માં **99.99 PR** મેળવીને બેવડી સિધ્ધી હાંસલ કરી છે. સોમૈયા ચાર્મી જેઓ પોરબંદરના રહેવાસી છે તથા તેમના પિતા અનાજના હોલસેલનો વ્યવસાય કરે છે. તેમના મોટા સંતાને મોદીસ્કૂલમાં અભ્યાસ કરી એમબીબીએસમાં પ્રવેશ મેળવેલ અને પોતાના નાના બહેન માટે ખાસ મોદી સ્કૂલમાં અભ્યાસ કરીને પોતાની કારકિર્દી કંડારવા રાજકોટ આવેલ, તેઓએ પણ **Board**માં **99.99 All PR** સાથે **Board-1** તથા **GUJCET**માં કુલ ૧૨૦માંથી ૧૧૮.૭૫ માર્કસ મેળવીને **99.99 PR** મેળવી બેવડી સિધ્ધી હાંસલ કરી છે. આ ઉપરાંત કોટડીયા દેવ જેમના પિતાને ઈમીટેશનના વ્યવસાય સાથે સંકળાયેલ છે. જેઓ પી.વી, મોદી સ્કૂલના વિદ્યાર્થી છે તેઓએ પણ **GUJCET**માં કુલ ૧૨૦માંથી ૧૧૮.૭૫ માર્કસ મેળવીને **9999 PR** સાથે **Board 1"** નું સ્થાન મેળવેલ છે. તન્ના બાદલ, સૌમયા ચાર્મી તથા કોટડીયા દેવ આ ત્રણ વિદ્યાર્થીઓ **B Group** સાથે આ સિધ્ધી હાંસલ કરી છે તથા **NEET**ની પરીક્ષામાં પણ આવા જ ઉત્કૃષ્ટ પરીણામો માટે કટિબધ્ધ છે. આ ઉપરાંત ઈશ્વરીયા બોર્ડીંગ સ્કૂલ જેમાં સમગ્ર ગુજરાતના અંતરીયાળ ગામમાં રહેતા તથા અન્ય શહેરમાં રહેતા વિદ્યાર્થીઓ **Science** માં **JEE/ NEET** તથા **Board**માં ઉજજવળ પરીણામ મેળવીને કારકિર્દી કંડારવા ઈચ્છતા વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે છે. આ વિદ્યાર્થીઓમાંથી સવજાણી પરમ તેમના પિતા પોરબંદરની મોઢા કોલેજમાં પ્રિન્સિપાલ છે. તથા શિક્ષણ સાથે સંકળાયેલ હોય તેમને **A Group** સાથે તથા ઢોલરીયા ક્રેઝલ જેઓ **B Group** સાથે **CBSE** બોર્ડના વિદ્યાર્થી છે. તથા તેમના પિતા ઉપલેટામાં ફાર્મસીસ્ટ તરીકે કાર્યશીલ છે. ઉપરાંત ક્રિષ્ના હોસ્પીટલના ડીરેકટર છે. આ બંને વિદ્યાર્થીઓએ **GUJCET** માં કુલ ૧૨૦ માંથી ૧૧૮,૭૫ માર્કસ મેળવીને **99 99 PR** સાથે **Board 1"** નું સ્થાન મેળવેલ છે. સવજાણી પરમ પોતે **Board** માં **99.98 PR** ધરાવે છે તથા ગુજરાતની શ્રેષ્ઠ એવી એન્જિનીયરીંગ કોલેજ **DAIICT** માં પ્રવેશ મેળવીને **Computer Engineer** બનવા ઈચ્છે છે. ઢોલરીયા ક્રેઝલ પોતે **NEET** ની પરીક્ષામાં આવા જ ઉજળા પરીણામની અપેક્ષા સેવી રહ્યા છે.

આમ કુલ ૨ વિદ્યાર્થીઓ **A Group** તથા ૪ વિદ્યાર્થીઓ **B Group** સાથે મોદી સ્કૂલના કુલ ૬-૬ વિદ્યાર્થીઓએ **Board 1"** નું સ્થાન મેળવેલ છે. આ ઉપરાંત મોદી સ્કૂલના ૪ વિદ્યાર્થીઓ **A1 Grade** તથા ૧૮ વિદ્યાર્થીઓએ **Board Top 10** માં પોતાનું સ્થાન હાંસલ કરીને મોદી સ્કૂલ પરીવારનું ગૌરવ વધારેલ છે.

હાલમાં જ જાહેર થયેલ **JEE Main-2023**ના પરીણામમાં પણ મોદી સ્કૂલનો દબદબો કાયમ રહ્યો છે. જેમાં સૌરાષ્ટ્રભરની કોઈપણ સ્કૂલ/ કોચિંગ કરતા વધુ **99 PR** ઉપર ૪૩ વિદ્યાર્થીઓ તથા **98 PR** ઉપર ૭૭ વિદ્યાર્થીઓ છે. જે **National** લેવલે લેવાતી તથા આઈઆઈટીના પ્રવેશ માટે જરૂરી પરીક્ષામાં મોદી સ્કૂલે સર્વશ્રેષ્ઠ પરીણામ આપેલ છે.

આ બધાજ વિદ્યાર્થીઓએ પોતાના શ્રેષ્ઠ પરીણામ બદલ મોદીસર, પારસસર તથા સમગ્ર શિક્ષકગણનો આભાર માનેલ છે તથા **Modi Schooling System** ના માધ્યમથી આટલું શ્રેષ્ઠ પરીણામ મેળવેલ છે તેવી લાગણી વ્યકત કરેલ જેમાં નિયમીત પરીક્ષાઓ, **Doubt Solving Counter**, સ્કૂલના **Subjectwise modules** તથા **Day to Day follow-up work** અને **Paper Correction System** થકી આ પરીણામ શકય બનેલ છે તેવું જણાવેલ. શાળાના આવા જવલંત પરીણામ બદલ મોદી સ્કૂલના સંસ્થાપક ડો. આર. પી. મોદી તથા પારસ મોદી, હિતસર, ધવલસરે બધાજ વિદ્યાર્થીઓ તથા વાલીઓને અભિનંદન પાઠવેલ છે તેમજ શિક્ષકગણને વિદ્યાર્થીઓના આવા પરીણામ બદલ લેવાયેલી મહેનતને બિરદાવેલ છે.

### શ્રી સ્વામી નારાયણ મુખ્ય મંદિર જવાહર રોડ જૂનાગઢ ખાતે

# શ્રી રાધારમણ દેવના ૧૯૫માં વાર્ષિક પાટોત્સવની શુક્રવારે ભવ્ય ઉજવણી થશે

## ૧૯૫ કલાકની અખંડ ધુન, દિવ્ય રાજોપચાર પૂજન, ભવ્ય અન્નકુટ, ફલકોટત્સવ, આમ્રોત્સવ સહિતના વિવિધ કાર્યક્રમો




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૩

જૂનાગઢમાં જવાહર રોડ ઉપર આવેલા શ્રી સ્વામી નારાયણ મુખ્ય મંદિર ખાતે શ્રી રાધારમણ દેવના ૧૯૫માં વાર્ષિક પાટોત્સવની અનેકવિધ કાર્યક્રમો સાથે ભાવભેર ઉજવણી કરવામાં આવી રહી છે તેમજ શ્રીમદ ભાગવત સપ્તાહ પારાયણનું પણ આયોજન કરવામાં આવેલ છે. ભગવાન સ્વામી નારાયણના સ્વહસ્તો પધરાવવામાં આવેલા દેવો બિરાજમાન છે તેવા શ્રી રાધારમણદેવ આદિક દેવોનો ૧૯૫મો વાર્ષિક પાટોત્સવ વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદી પીઠાધિપતિ પરમ પૂજય ધર્મધુરંધર ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીના વરદહસ્તે ધામધુમથી ઉજવાશે. પરમ પૂજય ગુરૂદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીના દિવ્ય આર્શીવાદથી, અ.નિ. પરમ પૂજય સદગુરૂ પુરાણી ભકિતપ્રકાશદાસજી સ્વામીની પુણ્ય સ્મૃતિમાં તથા અ.નિ. હરદાસભાઈ કરશનભાઈ બારસિયાની પવિત્ર સ્મૃતિમાં શ્રીમદ ભાગવત કથા તા.૫-૫-૨૦૨૩ થી તા.૧૧-૫-૨૦૨૩ સુધી આયોજન કરેલ છે. જેના વકતાપદે વિદ્વતાભૂષણ પરમ પૂજય ગુરૂવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી (એસજીવીપી) બિરાજી કથામૃતનો અલભ્ય લાભ આપશે. પરમ પૂજય કોઠારી શ્રી દેવનંદનદાસજી સ્વામી (ચેરમેનશ્રી) તથા પરમ પૂજય સદગુરૂ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીના માર્ગદર્શન મુજબ ૧૯૫માં વાર્ષિક પાટોત્સવ અંતર્ગત તથા પરમ પૂજય સદગુરૂ પુરાણી શ્રી હરિસ્વરૂપદાસજી સ્વામીના સાંનિધ્યમાં ૧૯૫ કલાકની અખંડધુનનો ભકિતભાવ પૂર્વક પ્રારંભ કરવામાં આવ્યો છે. અને હરીભકતો તેનો લાભ લઈ રહયા છે. આ ઉપરાંત દિવ્ય રાજોપચારપૂજન, ભવ્ય અન્નકુટ, ફલકુટોત્સવ તથા આમ્રોત્સવ, સર્વરોગ નિદાન કેમ્પ, દરિદ્રનારાયણને ચપ્પલ તથા વસ્ત્ર વિતરણ જેવા આધ્યાત્મિક, સામાજીક તથા સેવાકીય આયોજનોના માધ્યમથી શ્રી હરીનો રાજીપો પ્રાપ્ત કરીએ. શ્રી ઠાકોરજીના અભિષેક દર્શન, કથાશ્રવણ, ધર્મકુળદર્શન તેમજ ધામધામથી પધારતા પુજનીય સંતોના દર્શન-આર્શીવચનનો લાભ પ્રાપ્ત કરવા સપરિવાર મિત્ર મંડળ સહિત પધારવા પૂજય સંતો-સમસ્ત સત્સંગ સમાજ તેમજ શ્રી રાધારમણદેવ વહિવટી સમિતિ-જૂનાગઢ વતી મુખ્ય કોઠારી શા. સ્વામી શ્રી પ્રેમસ્વરૂપદાસજી અને કો. શ્રી પી.પી. સ્વામીએ નિમંત્રણ પાઠવેલ છે તેમ પ્રફુલભાઈ કાપડીયાની એક યાદીમાં જણાવેલ છે.

## બિલખા પોલીસ દ્વારા ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં ૩૮ લાખના ઈંગ્લીશ દારૂનો નાશ કરાયો

(પ્રતિનિધિ દ્વારા)

બિલખા તા.૩

બિલખા પોલીસ દ્વારા પકડવામાં આવેલ અંદાજે રૂા.૩૮ લાખની કિંમતની ૮૮૨૮ બોટલ ઈંગ્લીશ દારૂનો નાશ કરવામાં આવ્યો હતો. આ સમગ્ર પ્રક્રિયા દરમ્યાન એસડીએમ ભૂમિબેન કેશવાલા, ડીવાયએસપી હિતેષભાઈ ધાંધલીયા, નશાબંધી અધિકારી જાડેજા તેમજ ડીવીઝનલ અધિકારીઓ હાજર રહ્યા હતા. જૂનાગઢ તાલુકાના ડુંગરપુર નજીક આવેલ જાહેર જગ્યામાં આ કામગીરી પીએસઆઈ રાજેન્દ્ર સિંહ ચુડાસમા તેમજ સ્ટાફના બહાદુરસિંહ, હાર્દિકભાઈ પંડયા, કિશોરભાઈ સોલંકી, વિરલભાઈ ત્રીવેદી, કનકભાઈ બોરીચા, ધર્મેશભાઈ બાબરીયા, સાગરભાઈ જાદવ, કલ્પેશભાઈ ભોયાળા વિગેરેએ ચાંપતી નજર રાખી કામગીરીને સફળ બનાવી હતી.

## ધ્રાફામાં સંતોની ઉપસ્થિતીમાં પાટોત્સવ નિમીતે લોક ડાયરો





જૂનાગઢ તા.૩ : પ.પુ. વચનાસિધ્ધ મહાત્મા ૧૦૦૮ શ્રી જાલમસંગબાપુ ધ્રાફાના પ્રથમ પાટોત્સવ નિમીતે યોજાયેલ ભવ્ય લોકડાયરામાં નારાયણ ઠાકર સહિતના કલાકારોએ જમાવટ કરી હતી. ત્યારે આ પ્રસંગે શ્રી પંચદશનામ જુના અખાડાના આંતરરાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને શ્રી રૂદ્રેશ્વરજાગીર ભારતી આશ્રમના શ્રી મહંત પુ. ઈન્દ્રભારતીબાપુ તથા ધુનડા સતપુરણ ધામ આશ્રમના સંત પુ. જેન્તીરામબાપા ઉપસ્થિત રહ્યા હતા અને દાયકાઓથી બંને સંતો વચ્ચે આત્મીયતાનો નાતો હોય બંને એક બીજાને મળી હૃદયના ભાવથી ભેટી પડયા હતા.

### સરકારી શાળાના બાળકોની અનેરી સિદ્ધિ

## વેરાવળ સરકારી બોયઝ હાઈસ્કુલનું ઝળહળતું પરિણામ

### ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં બે વિધાર્થીનીઓ ૯૯.૮૮ પીઆર સાથે જિલ્લા પ્રથમ




(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૦૩

હાલ માં જ ગુજરાત માધ્યમિક બોર્ડના વિજ્ઞાન પ્રવાહનું પરીણામ જાહેર થયું છે. જેમાં ખાનગી શાળાની સાથે સરકારી શાળાના વિદ્યાર્થીઓ પણ બાજી મારી રહ્યા છે.

સામાન્ય રીતે વાલીઓ પોતાના બાળકના ગુણવત્તા સભર અભ્યાસ માટે સરકારી શાળાઓ કરતા ખાનગી શાળાઓનો વધારે પડતો આગ્રહ રાખતા હોય છે..ત્યારે ગીર સોમનાથ જિલ્લા ના વડા મથક વેરાવળની સરકારી બોયઝ હાઈસ્કુલના વિદ્યાર્થીઓએ ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ઝળહળતું પરિણામ હાંસલ કરી વાલીઓની સરકારી શાળા ઓ પ્રત્યેની માનસિકતા અંગે વિચાર માં મૂકી દીધા છે.

વેરાવળ સ્થિત સરકારી બોયઝ હાઈસ્કુલમાં ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહના અભ્યાસક્રમમાં હાઈસ્કુલની કુ.જશમિની પરમાર અને કુ. જલ્પા બામણિયા ૯૯.૮૮ પીઆર સાથે જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવી સરકારી હાઈસ્કુલનું નામ રોશન કરેલ છે. આ ઉપરાંત કુ. વર્ષા ચાંડપા ૯૯.૨૯ પીઆર, મહિપત મકવાણા ૯૬.૮૯ પીઆર અને મિત ભુવા ૯૬.૭૬ પીઆર સાથે ઝળહળતું પરિણામ લાવ્યા છે.

સરકારી બોયઝ હાઈસ્કૂલમાં આચાર્ય વી.બી.ખાંભલાના માર્ગદર્શન હેઠળ કેમેસ્ટ્રીમાં કમાણી સર મેથ્સ માં ઝાલા સર, બાયોલોજીમાં હેતલ મેમ, અને ફિઝિક્સમાં જીગર સરની ટીમ દ્વારા ખાનગી સ્કૂલોને ટક્કર મારે તેવું ગુણવત્તા સભર શિક્ષણ પૂરું પાડવામાં આવી રહ્યું છે અને જેની ફલશ્રુતિ સમાન ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થીઓ એ જિલ્લામાં પ્રથમ સ્થાન સાથે ઝળહળતું પરિણામ લાવ્યા છે. અને શાળા તેમજ શિક્ષણ વિભાગનું નામરીશન કરેલ છે. સરકારી બોયઝ હાઈસ્કૂલમાં પ્રવેશ મેળવવા હાઈસ્કૂલ પર સંપર્ક કરવા આચાર્ય બી.વી.ખાંભલા એ એક અખબારી યાદી માં જણાવ્યું છે.

## માંગરોળના હુસેનાબાદ ગામે ૬ વર્ષના બાળક સાથે અશ્લીલ હરકતો કરવા અંગે પોલીસ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩

વર્તમાન સમયમાં માણસાઈને એકબાજુ હડસેલી દઈ અને કેટલીક વ્યકિતઓમાં વિકૃતિઓ ઠાસોઠાસ ભરી છે અને સમયાંતરે બહાર આવતી હોય છે. નાની ઉંમરના બાળકો સાથે વિકૃત હરકતો કરતા પાશવી વ્યકિતઓ વિરૂધ્ધ લોકોમાંથી ફીટકાર પણ વરસી રહ્યા છે. આ દરમ્યાન માંગરોળ પંથકમાં પણ એક છ વર્ષના બાળક સાથે અશ્લીલ હરકત અને અડપલા કરવાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. આ બનાવ અંગે માંગરોળ પોલીસે આપેલી વિગત અનુસાર માંગરોળના હુસેનાબાદ ગામે રહેતા એક પરિવારના છ વર્ષથી મોટી ઉંમરના એક બાળકને લાલચ આપી અને તેને પોતાના મકાનો લઈ જઈ શારિરીક અડપલા અને અશ્લીલ હરકતો કરી હોવાની અને આ બાળકને આ બાબતની કોઈને જાણ કરી દઈશ તો જાનથી મારી નાખવાની ધમકી આપી તેમજ મકાનના દરવાજાને તાળુ મારી દઈ ગુનો કર્યાની ફરિયાદ રવિભાઈ માલદેભાઈ વાળા વિરૂધ્ધ પોલીસમાં નોંધાવવામાં આવતા માંગરોળ પોલીસો આરોપી વિરૂધ્ધ વિવિધ કલમ અંતર્ગત ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ માંગરોળના સર્કલ ઈન્સ્પેકટર એસ.આઈ. મઘરા ચલાવી રહ્યા છે.

## જૂનાગઢમાં જુગાર દરોડો : ૩ સામે કાર્યવાહી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩

જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ગઈકાલે કસ્તુરબા કોલોની દોલતપરા ખાતે એક રહેણાંક મકાનમાં જુગાર અંગે દરોડો પાડતા કુલ રૂા.૫૧,૨૩૦ના મુદામાલ સાથે બે શખ્સોને ઝડપી લેવામાં આવેલ છે. જયારે એક શખ્સ હાજર નાહી મળી આવતા કુલ ૩ સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### શુક્રવારે છાયા ચંદ્રગ્રહણનો અવકાશી નજારો

# ભારતમાં શુક્રવારે છાયા ચંદ્રગ્રહણનો અવકાશી નજારો

### ગ્રહણની અવધિ ૪ કલાક ૧૮ મિનિટ : નરી આંખે અને દૂરબીન, ટેલીસ્કોપથી ગતિવિધિ જોઈ શકાશે



(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૩

વિશ્વના અમુક પ્રદેશો-દેશોમાં શુક્રવાર તા.૫મી મેના રોજ માઘ-છાયા ચંદ્રગ્રહણનો અદભુત અવકાશી નજારો બનવાનો છે. છાયા ચંદ્રગ્રહણમાં પ્રકાશમાં સામાન્ય ફેરફારો હોય દૂરબીન-ટેલીસ્કોપથી આહલાદક જોઈ શકાય છે. ભારત સહિત એશિયા, આફ્રિકા, ઓસ્ટ્રેલિયામાં આ અવકાશી નજારો જોવા મળશે. ગ્રહણની અવધિ ૪ કલાક ને ૧૮ મિનિટની રહેશે. રાજયમાં ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરી ગ્રહણ સંબંધી વૈજ્ઞાનિક સમજ આપવાના કાર્યક્રમો અમલમાં મુકયા છે. સંવત ૨૦૭૯ વૈશાખ સુદ-શુકલ પક્ષ પૂનમને શુક્રવાર તા.૫મી મેના રોજ તુલા રાશિ સ્વાતિ નક્ષત્રમાં થનારૂ માઘ-છાયા ચંદ્રગ્રહણ ભારત સહિત એશિયા, આફ્રિકા, ઓસ્ટ્રેલિયામાં આહલાદક અદભુત અવકાશી નજારો જોવા મળશે. ભારતીય સમય મુજબ ભૂમંડલે ગ્રહણ સ્પર્શ : ૨૦ કલાક ૪૪ મિનિટ ૦૮ સેકન્ડ, ગ્રહણ મધ્ય : ૨૨ કલાક ૫૨ મિનિટ ૫૫ સેકન્ડ, ગ્રહણ મોક્ષ : ૨૫ કલાક ૦૧ મિનિટ ૪૦ સેકન્ડ, પરમ ગ્રાસ : ૦.૦૪૬ અને ગ્રહણ કાળ : ૪ કલાક ને ૧૮ મિનિટની રહેશે. આકાશમાં છાયા ચંદ્રગ્રહણને ખગોળરસિકો જલ્દી ઓળખી શકે છે. જાથાના રાજય ચેરમેન, એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે ચંદ્રગ્રહણ નરી આંખે જોઈ શકાય છે. માઘ-છાયા ચંદ્રગ્રહણ પ્રકાશનો સામાન્ય તફાવત જોવા મળતો હોય દૂરબીન-ટેલીસ્કોપથી આહલાદક જોઈ શકાય છે જેમાં પૃથ્વીનો મિત્ર ચંદ્ર માનવી માટે અનેક પ્રકારે લાભપ્રદ છે તેની વિસ્તૃત માહિતી આપવામાં આવશે. અવકાશી ઘટનાઓ જોવા-માણવા માટેની હોય છે. ગ્રહો કે ગ્રહણોને માનવજીવન સાથે કશી જ લેવા-દેવા નથી તેની સમજ આપવામાં આવશે. ચંદ્ર દર વર્ષો બે સેન્ટીમીટર ખસે છે. ભવિષ્યમાં આશરે ૪૭ કલાકનો દિવસ પણ બનશે. ગ્રહણ પૂનમ-અમાસનો સાથ છોડી ગમે તે તિથીએ ગ્રહણની ખગોળીય ઘટના બનશે. ભરતી-ઓટના વૈજ્ઞાનિક કારણની માહિતી આપવામાં આવશે. વૈજ્ઞાનિકો ખગોળી ઘટના વખતે માનવ કલ્યાણકારી સંશોધનો આદરે છે. ચંદ્ર-મંગળ ઉપર માનવી વસવાટ કરી શકે તે માટેની તૈયારી આરંભી દીધી છે. વિજ્ઞાનથી માનવજાત સુખી-સંપન્ન થયો છે. જયારે ગ્રહણ સમયે લેભાગુઓ, અમુક જયોતિષીઓ નકારાત્મક આગાહીઓ, રાશિ ફળકથનો, કર્મકાંડ-ક્રિયાકાંડો તરફ દોરી જઈને ગુમરાહ કરવાનું કામ કરે છે. લોકોને આર્થિક પછાત રાખવાના ષડયંત્રના ભાગરૂપે ગ્રહણ સમયે જપ-તપ, દાન-પુણ્ય, સૂતક-બૂતક, વેધાદિ નિયમો પાળવાનું બતાવી અવળે માર્ગે વાળે છે. વાસ્તવમાં સૂતક-ગ્રહણના પાળવાના નિયમો નર્યો બકવાસ છે. ગ્રહણની રાજકીય-ભૌગોલિક અસરો લેભાગુઓના મનની ઉપજ છે. ગ્રહણના લાભાલાભ, શુભ-અશુભ, હોની-અનહોની વિગેરે દર્શાવવામાં આવે છે તે નર્યું તુત છે.

વધુમાં પંડયા જણાવે છે કે પૃથ્વી ઉપર હજારો સૂર્ય-ચંદ્રગ્રહણો પસાર થઈ ગયા હવે પછી પણ પસાર થવાના છે ત્યારે ગ્રહણની અસરોની હકિકત માત્ર ને માત્ર બકવાસ વિજ્ઞાને સાબિત કરી છે. કુદરત-પ્રાકૃતિક નિયમો અનુસાર પૃથ્વી ઉપર દર મિનિટે સારી-ખરાબ, હોની-અનહોની ઘટના બનવાની જ છે. તેને કોઈ રોકી શકતું નથી. તેને પ્રાર્થના-પૂજાપાઠ, હોમ-હવન, જપ—તપ સાથે કશી જ લેવાદેવા નથી. વિજ્ઞાન આગોતરી જાણકારી આપી સાવધાન કરે છે તેને અટકાવી શકતું નથી. ટી.વી. ઉપર પળે-પળની માહિતી નજરે જોઈ શકીએ છતાં અવિજ્ઞાન જયોતિષ તરફ રૂચિ રાખવી તે માનવીની દરિદ્ર માનસિકતા છે. ભારતમાં સદીઓથી સંકટ, ભયાનકતા, દુઃખ ટાળવા અનુષ્ઠાન, પૂજાવિધી વિગેરે જોવા મળે છે જયારે યુરોપ ખંડમાં સંશોધનો આદરી તેમનો સામનો કરવા શીખડાવવામાં આવે છે. જાથા લોકોમાં મનોબળ દ્રઢ કરવા અનેક કાર્યક્રમો આપે છે. માનસિક નબળા લોકોને અનેક પ્રકારની અસર સાથે ક્રિયાકાંડો કરવા પડે છે તેમાં બરબાદી મળે છે તે માટે પોતે જવાબદાર છે.

જાથાએ સમગ્ર ભારતમાં ગ્રહણનો નજારો જોવા માટે અભિયાન આદર્યું છે. એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે ભારતમાં સદીઓથી ગ્રહણ સમયે હિન્દુઓ માટે જ વિધિ-વિધાન છે. મંદિરો બંધ રાખવાનું તર્ક સમજાતું નથી. ગ્રહણ પહેલાની કલાકોમાં વેધાદિ નિયમો પાળવાના તુત આપણા દેશમાં જોવા મળે છે. ગ્રહણ સંબંધી રદ્દી માન્યતાઓ, રિવાજો, પરંપરાઓ, દંતકથાઓ વિગેરે જે તે સમયે સ્તુત્ય હશે પરંતુ ૨૧ મી સદીમાં તદ્દન અવાસ્તવિક, અતાર્કિક, અવૈજ્ઞાનિક હોય તેને તિલાંજલિ આપવી જોઈએ. ભાવિ પેઢીને વિજ્ઞાન દ્રષ્ટિકોણ-અભિગમ આપવાની જરૂર છે.

રાજયમાં અમદાવાદ, રાજકોટ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, પાલનપુર, ખેડા, નડિયાદ, આણંદ, વડોદરા, ભરૂચ, અંકલેશ્વર, સુરત, નવસારી, વલસાડ, વાપી, હિંમતનગર, રાજપીપળા, ડાંગ-આહવા, છોટા ઉદેપુર, ગોધરા, વ્યારા, પંચમહાલ, મોડાસા તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના જિલ્લા-તાલુકા મથકે જાગૃતો સ્વયં આયોજન કરી વૈજ્ઞાનિક સમજ આપશે. વૈજ્ઞાનિક સમજ કાર્યક્રમમાં જાથાના અંકલેશ ગોહિલ, રવિ પરબતાણી, ગુલાબસિંહ ચૌહાણ, રામભાઈ આહિર, રાજુભાઈ યાદવ, હકુભાઈ બસીયા, વિનુભાઈ લોદરીયા, અરવિંદ પટેલ, ભાનુબેન ગોહિલ, ભકિતબેન રાજગોર, ચંદ્રિકાબેન ચંદ્રપાલ સહિત શાખાઓના પ્રતિનિધિઓ જોડાવવાના છે. અંતમાં પોતાના ગામમાં ગ્રહણ સમજના કાર્યક્રમ યોજવા ઈચ્છુકોએ મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

## જૂનાગઢમાં આધ્યકવિ નરસિંહ મહેતાજીની ૬૧૫મી જન્મ જયંતિની ઉજવણી કરાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૩

ભકતરાજ સંત શિરોમણી આધ્યકવિ નરસિંહ મહેતાજીની ૬૧૫મી જન્મ જયંતિની ઉજવણી તા. ૫-૫-૨૩ વૈશાખ વદ પુનમ અને શુક્રવારનાં રોજ શ્રી નરસિંહ મહેતા ચોરા, જૂનાગઢ ખાતે સાંજે ૬ કલાકે કરવામાં આવશે. આ ઉપલક્ષમાં જૂનાગઢનાં સુધાકર જયેન્દ્રરાય (સીતારામ) ખારોડ દ્વારા લખાયેલ નરસિંહ મહેતાના પદોનું રસદર્શન નામના પુસ્તકનું વિમોચન કરવામાં આવશે. તથા કવિ ડો. ઉર્વિશ વસાડા અને કવિ કૃષ્ણ દવે દ્વારા નરસિંહ મહેતાજીનાં મનનીય વકતવ્યનો કાર્યક્રમ રાખેલ છે. આ તકે દાતાઓનું સન્માન કરવામાં આવશે. આ પ્રસંગનો દરેકે લાભ લેવા પ્રમુખ ધવલભાઈ વસાવડા, મંત્રી ખમીરભાઈ મજમુદારની યાદીમાં જણાવેલ છે.

## માણાવદરનાં ખાંભલા ગામનાં ત્રણ આર્મીમેનનાં સન્માનમાં ગ્રામજનો ઉમટી પડયાં



(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા. ૩

માણાવદરનાં નજીકનાં ખાંભલા ગામનાં વતની અને આર્મીમેન નિવૃત થતાં જયેશભાઈ માધવજીભાઈ બુમતરીયા, હરેશભાઈ આર. મારૂ અને ભરતભાઈ મારૂ બંને સગાભાઈ થાય છે તેઓનું દબદબાભેર સન્માન સમસ્ત ગ્રામજનો દ્વારા થયેલ હતું. તેઓનું ખુલ્લી જીપમાં લઈ જવાયા હતાં. ઠેર ઠેર હારતોરા તથા ફુલહારથી સ્વાગત કરેલ હતું. પટેલ સમાજ ખાતે સમગ્ર જ્ઞાતિજનોની હાજરીમાં સન્માન કાર્યક્રમ યોજાયો હતો.

